dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 248 | AD - 2025, Jeth Vad-01 | Thursday, Dt.12-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### દક્ષિણ પશ્ચિમ ચોમાસુ ૩ દિવસ પછી ફરી શરૂ થશે

# દેશના ૮ રાજ્યોમાં હીટવેવનું સંકટ, રેડ એલર્ટ જારી

નવીદિલ્હી,તા.૧૧

ઉત્તર ભારતમાં ગરમીનો કહેર ચાલુ છે. દિલ્હી-એનસીઆર સહિત દેશના મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો કહેર ચાલુ છે. લોકો માટે બહાર નીકળવું અશક્ય બની ગયું છે. દેશના ૮ રાજ્યોમાં હીટવેવનું સંકટ વધુ ઘેરું બન્યું છે. પંજાબના ભટિંડામાં સૌથી વધુ ૪૭.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. રાજસ્થાનના શ્રી ગંગાનગરમાં બીજા ક્રમનું સૌથી વધુ તાપમાન ૪૭.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૫.૯ ડિગ્રી સેલ્સિયસ વધુ છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર દેશના ૧૯ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ નોંધાયું હતું. આમાં રાજસ્થાન, હરિયાણા અને મધ્યપ્રદેશના પાંચ-પાંચ શહેરોનો સમાવેશ થાય છે ભારતીય હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. નરેશ કુમારે જણાવ્યું હતું કે, રાજસ્થાનમાં ભારે ગરમીના મોજાની શક્યતાને ધ્યાનમાં રાખીને, રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હાલમાં દેશમાં રાજસ્થાન, જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં ગરમીનું



મોજું ચાલી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર-પશ્ચિમ ભારતમાં ગરમીના મોજાની સ્થિતિ ચાલુ રહેવાની શક્યતા છે અને ૧૨-૧૪ જૂન દરમિયાન પશ્ચિમ રાજસ્થાનમાં કેટલાક સ્થળોએ તીવ્ર ગરમીના મોજાની શક્યતા છે. પરિસ્થિતિ યથાવત રહેશે. તમારી જાતને સુરક્ષિત રાખોઃ પાણી પીઓ, તડકાથી બચો, સાવધાન રહો!

ભારતીય હવામાન વિભાગની નવીનતમ આગાહી મુજબ, પૂર્વી ઉત્તર પ્રદેશમાં ૧૨ જૂને, પંજાબમાં ૧૨-૧૩ જૂને, જમ્મુ અને કાશ્મીર-લદ્દાખ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને ઉત્તર મધ્ય પ્રદેશમાં ૧૨-૧૩ જૂને ગરમીનું મોજું આવવાની શક્યતા છે.

હવામાન વિભાગ કહે છે કે ત્રણ દિવસ પછી, ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતના રાજ્યોમાં ગરમીના મોજાથી થોડી રાહત મળી શકે છે, કારણ કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આ વિસ્તારોમાં વરસાદ થવાની સંભાવના છે. ઉપરાંત, દક્ષિણ ભારતના રાજ્યોમાં ચોમાસું ફરી મજબૂત બનવાની શક્યતા છે.

ડૉ. નરેશ કુમારે જણાવ્યું હતું કે, અમે આગાહી કરી છે કે દક્ષિણ પશ્ચિમ ચોમાસુ ૩ દિવસ પછી ફરી શરૂ થશે અને દક્ષિણ ભારતના રાજ્યોમાં ૧૨ જૂન પછી ભારે વરસાદ પડશે. અમે કેરળ, તમિલનાડુ અને કોંકણ-ગોવામાં ભારે વરસાદની આગાહી જારી કરી છે.

## યુદ્ધમાં જે પક્ષ પહેલા કાર્ય કરે છે તે જીતે છે : એર માર્શલ આશુતોષ દિક્ષિત

નવીદિલ્હી,તા.૧૧



વાયુસેનાના નાયબ વડા એર માર્શલ આશુતોષ દિક્ષિતે એક કાર્યક્રમમાં વર્તમાન યુદ્ધ પરિસ્થિતિઓમાં સર્વેલન્સ અને ઈલેક્ટ્રો-ઓપ્ટિક સિસ્ટમ્સ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર પછી, એક વાત એકદમ સ્પષ્ટ થઈ ગઈ કે જે પહેલા, સૌથી દૂર અને સૌથી વધુ ચોકસાઈથી કાર્ય કરે છે તે હંમેશા યુદ્ધ જીતે છે. દિલ્હીમાં સર્વેલન્સ અને ઈલેક્ટ્રો ઓપ્ટિક્સ ઈન્ડિયા સેમિનારમાં બોલતા, એર માર્શલ આશુતોષ દિક્ષિતે કહ્યું કે જ્યારે આપણે આર્મેનિયા-અઝરબૈજાન, રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-હમાસના વૈશ્વિક સંઘર્ષો અને ઓપરેશન સિંદૂરમાં આપણા પોતાના અનુભવો જોઈએ છીએ, ત્યારે એક વાત ખૂબ જ સ્પષ્ટ રીતે બહાર આવે છે કે જે પક્ષ પહેલા કાર્ય કરે છે તે જીતે છે. આ સિદ્ધાંત સદીઓથી લશ્કરી વિચારસરણીને માર્ગદર્શન આપી રહ્યો છે, પરંતુ આજના સમયમાં તે વધુ સુસંગત બની ગયું છે. એર માર્શલે કહ્યું કે ઓપરેશન સિંદૂર આ બદલાતી વાસ્તવિકતાઓને અનુરૂપ બનવાની ભારતની તૈયારીનું પ્રદર્શન હતું. ઓપરેશન સિંદૂરમાંથી શીખેલા પાઠોએ લશ્કરી વ્યૂહરચનાકારો લાંબા સમયથી જે સમજતા હતા તેને મજબૂત બનાવ્યું છે.


## રાજા રઘુવંશીની હત્યામાં સામેલ હોવાની પત્ની સોનમ રઘુવંશીએ કરી કબુલાત

ઈન્દોર,તા.૧૧



ઈન્દોરના ચકચારી રાજા રઘુવંશી હત્યા કેસમાં પત્ની સોનમ રઘુવંશીએ હત્યાના કાવતરામાં સામેલ હોવાની કબૂલાત કરી છે. સદર પોલીસ સ્ટેશનમાં એસઆઈટીની પૂછપરછ દરમિયાન સોનમે જણાવ્યું હતું કે તે રાજાની હત્યાના આયોજનમાં સામેલ હતી. વાસ્તવમાં, કેસની તપાસ કરી રહેલી એસઆઈટી ટીમે સોનમને તેની સામે એકત્રિત કરેલા પુરાવા વિશે જણાવ્યું. આ પછી સોનમે કબૂલી લીધું કે તે હત્યાના કાવતરામાં સામેલ હતી. ખરેખર, પોલીસે શિલોંગમાં રાજા હત્યા કેસના આરોપીઓની પૂછપરછ કરી. આ દરમિયાન સોનમ અને રાજ પણ સામસામે આવી ગયા હતા. આ દરમિયાન એસઆઈટી દ્વારા પૂછપરછ દરમિયાન સોનમે હત્યાની કબૂલાત કરી હતી. એસઆઈટી દ્વારા બતાવેલા પુરાવા જોઈને સોનમ રડવા લાગી. તમને જણાવી દઈએ કે મેઘાલય પોલીસે રાજા રઘુવંશી હત્યા કેસમાં પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. તેમાં રાજા રઘુવંશીની પત્ની સોનમ, રાજ કુશવાહા (સોનમનો પ્રેમી) અને ત્રણ કોન્ટ્રાક્ટ કિલર આનંદ, આકાશ રાજપૂત અને વિશાલ ઉર્ફે વિક્કી ઠાકુરનો સમાવેશ થાય છે. સોનમની યુપીના ગાઝીપુરથી ધરપકડ કરવામાં આવી હતી. રાજ કુશવાહ અને વિશાલની ઈન્દોરથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે આકાશ રાજપૂતની મધ્યપ્રદેશના સાગરથી અને આનંદની ઉત્તરપ્રદેશના લલિતપુરથી ધરપકડ કરવામાં આવી હતી. રાજાની હત્યા કરનારા ત્રણ કોન્ટ્રાક્ટ કિલર વિશાલ, આનંદ અને આકાશે પણ પોતાનો ગુનો કબૂલી લીધો છે.

## અમેરિકાના ૧૯ રાજ્ય ઈમિગ્રેશનની આગની ઝપેટમાં, ટ્રમ્પની ‘વિદ્રોહ કાયદો’ લગાવવાની ધમકી



નવી દિલ્હી, તા.૧૧

ઈમિગ્રન્ટ્સ પર તવાઈના વિરોધમાં લોસ એન્જલસથી શરૂ થયેલી આગ અમેરિકાના ૧૯ રાજ્યોના ૨૪ શહેરમાં ફેલાઈ ગઈ. ટ્રમ્પે કહ્યું કે, જરૂર પડે તો હું આર્મીને ઉતારીશ ને ‘વિદ્રોહ કાયદો‘ લાગુ કરી દઈશ. આ બધા વચ્ચે ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના સાંસદે તોફાનો કરાવવાનો આરોપ ડેમોક્રેટિક પાર્ટી અને ચીન પર લગાવ્યો છે. ટ્રમ્પની પાર્ટીએ તો એવું કહી દીધું કે, તોફાનો કરાવવાની ચીની ચાલ છે અને ડેમોક્રેટિક પાર્ટી તેના સપોર્ટમાં છે. બીજી તરફ ઈલોન મસ્કને રહી-રહીને બ્રહ્મજ્ઞાન થયું છે કે, ટ્રમ્પ સામે શિંગડા ભરાવીને ખોટું કર્યું. એટલે તેમણે ટ્રમ્પ વિરોધી પોસ્ટ ડિલિટ કરી નાખી ને માફી પણ માગી લીધી. એનો અર્થ એવો થયો કે, ટ્રમ્પે કાંઈક ચમત્કાર કર્યો લાગે છે. લોસ એન્જલસમાં ઈમિગ્રન્ટ્સ પર તવાઈ બોલી છે. છેલ્લા પાંચ દિવસથી ત્યાં હિંસા, તોફાન, આગચંપી ચાલી રહ્યા છે. પોલીસ, નેશનલ ગાર્ડ અને વિરોધીઓ વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે. લોસ એન્જલસથી ઊભી થયેલી તોફાનની આગ ટ્રમ્પ સામેના બળવામાં ગમે ત્યારે પરિવર્તિત થઈ જાય, તેવો ભય હતો. બીજો ભય એ હતો કે, L.A.ની આગ ક્યાંક આખા અમેરિકાને ન દઝાડે. આ ભય સાચો પડ્યો ને અમેરિકાના ૧૯ રાજ્યોના ૨૪ શહેરોમાં દેખાવો શરૂ થઈ ગયા છે. જ્યારે લોસ એન્જલસમાં તોફાનો ફાટી નીકળ્યા ત્યારે જ ટ્રમ્પને વિદ્રોહની ગંધ આવી ગઈ હતી. એટલે તેમણે પાણી પહેલાં પાળ બાંધવા ૨૦૦૦ નેશનલ ગાર્ડ મોકલી દીધા હતા. લોસ એન્જલસમાં સ્થિતિ વણસતાં સાંજે ૬ વાગ્યા પછી કર્ફ્યુ લાદવામાં આવે છે. લોસ એન્જલસના મેયર કરેન બાસે શહેરમાં કટોકટી જાહેર કરી છે. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ મુજબ, ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને બહાર કાઢવાના નિર્ણય સામેનું વિરોધ પ્રદર્શન અમેરિકાના ૧૯ રાજ્યોના ૨૪ શહેરોમાં ફેલાઈ ગયું છે.
















સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
ગુરૂવાર, તા. ૧૨-૦૬-૨૦૨૫

## અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે ચિત્ર સ્પષ્ટ થયું

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે ચિત્ર સ્પષ્ટ થયું છે. આજે ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે ૮૪ ઉમેદવારોએ સરપંચ તરીકેના ફોર્મ પરત ખેંચ્યા હતા જ્યારે સભ્ય તરીકે ૭૮ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા હતા. જ્યારે પેટાચૂંટણી અંતર્ગત સરપંચ તરીકે ૮ ઉમેદવારોએ અને સભ્ય તરીકે ૭ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી હતી. અમરેલી જિલ્લાની ૧૧૪ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં ૨૮ ગ્રામ પંચાયત સંપૂર્ણ બિનહરીફ થઈ છે જ્યારે ૩૯ સરપંચો અને ૪૦૬ સભ્યો બિનહરીફ જાહેર થયા છે. જ્યારે પેટાચૂંટણી અંતર્ગત ૬ સરપંચો બિનહરીફ જાહેર થયા છે. પ્રશાસન દ્વારા ગ્રામ પંચાયતને સમરસ કરવાના ભરપૂર પ્રયાસો કરવા છતાં ૭૫% જેવી ગ્રામ પંચાયતોમાં ચૂંટણી જંગ જામશે.

### સંપૂર્ણ સમરસ થયેલ ગ્રામ પંચાયતની યાદી

| તાલુકાનું નામ | ગામનું નામ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|
| અમરેલી | ગોખરવાળા નાના | સાવરકુંડલા | છાપરી |
| વડીયા | જીથુડી | | ભેકંરા |
| લાઠી | ધામેલ | | લુવારા |
| | ધામેલ પરા | | ગણેશગઢ |
| | ભટવદર | | ઘોબા-પાટી |
| | ધ્રુફણીયા | ધારી | ભાયાવદર |
| | નારાયગઢ-મેમદા | | કણેર |
| | પ્રતાપગઢ | | લાખાપાદર |
| બાબરા | ઈંગોરાળા | | મીઠાપુર નક્કી |
| | જીવાપર | | રામપુર |
| | ખીજડીયા કોટડા | | વાઘવડી |
| રાજુલા | રીંગણીયાળા નાના | ખાંભા | ધુંધવાણા |
| | રામપરા ૧ | | કોટડા |
| | નવાગામ(મેરીયાણા) | | રબારીકા |

## વડીયા કુંકાવાવ તાલુકામાં બે ગ્રામ પંચાયત સમરસ બની, હવે પાંચમાં ચૂંટણી યોજાશે

**જીથુડી અને ખજુરી ગ્રામ પંચાયત સમરસ જાહેર**



વડીયા, તા.૧૧

સમગ્ર રાજ્યમાં હાલ ગ્રામ પંચાયત ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે અમરેલી જિલ્લાના ગ્રામીણ તાલુકા એવા વડીયા કુંકાવાવમાં સાત ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાનાર હતી. આ સાત ગ્રામ પંચાયતમાંથી બે ગ્રામ પંચાયત સમરસ બની છે. જેમાં ખજૂરી ગ્રામ પંચાયતના સરપંચ પદે કલ્પનાબેન હસમુખભાઈ વાળા અને જીથુડી ગ્રામ પંચાયતના સરપંચ પદે હિંમતભાઈ લવજીભાઈ રામાણીની બિનહરીફ વરણી થઈ છે. બાકી રહેલી પાંચ ગ્રામ પંચાયત જેમા દેવળકી, ખાનખીજડીયા, માયાપદર, ભૂખલી સાંથળી, દડવા રાંદલમાં ચૂંટણી યોજાશે. આ પાંચ ગ્રામ પંચાયતમાં હાલ સરપંચ પદ માટે ૧૩(તેર) ઉમેદવારો મેદાનમાં છે. જેમાં સૌથી વધુ ખાનખીજડીયા ગામમાં ચાર ઉમેદવારો મેદાનમાં છે, દેવળકીમાં ત્રણ અને માયાપદરમાં બે, ભૂખલી સાંથળીમાં બે અને દડવા રાંદલમાં બે ઉમેદવારો મેદાનમાં છે.

## જાળીયાની પ્રાથમિક શાળામાં શી ટીમ દ્વારા સેલ્ફ ડિફેન્સનું માર્ગદર્શન અપાયું



અમરેલી,તા.૧૧

અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર ઓ.કે. જાડેજાની રાહબરી હેઠળ તા.૧૧ના રોજ રૂરલ પોલીસ શી-ટીમ દ્વારા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારના જાળીયા ગામની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને ગુડ ટચ બેડ ટચ અને સેલ્ફ ડિફેન્સ વિશે જાણકારી આપી જાગૃત કરવામાં આવેલ તેમજ તે અંગેની જરૂરી માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

## અમરેલીના ગોખરવાળા ગામ પાસે શેત્રુંજી નદીના પુલ પરથી ફોરવ્હીલ નીચે ખાબકી

**કાર ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા બની ઘટના**





અમરેલી તારીખ ૧૧

અમરેલી તાલુકાના ગોખરવાળા ગામ પાસે શેત્રુંજી નદીના પુલ પરથી ફોરવ્હીલ નીચે ખાબકતા તેમાં ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અમરેલી સાવરકુંડલા રોડ પર શેત્રુંજી નદીના પુલ પર કારચાલકે સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવતા મારુતિ અર્ટીગા પુલ પરથી નીચે ખાબકી હતી. જેમાં સિમરન રહીમભાઈ બેલીમ ઉંમર વર્ષ ૩૦ ઉંમર વર્ષ પાંચ, જોયા રહીમભાઈ ઉંમર વર્ષ ૬, આદિલ ઈરફાન ચોટલીયા વર્ષ ૨૪ સહિત ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલ લોકોને તાત્કાલિક ૧૦૮ મારફતે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા. અકસ્માત સમયે સ્થાનિક મજૂરોએ ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા.

## લીલીયાના ગોઢાવદરમાં સાયબર ક્રાઈમની ડોર ટુ ડોર માહિતી અપાઈ



તસવીર :ભરત વિંઝુડા

ગોઢાવદર, તા.૧૧

લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.જે.ગીડા તથા પી.એસ.આઈ. વાય.એમ. જાડેજાના નેતૃત્વ હેઠળ લીલીયા પોલીસ સ્ટાફ દ્વારા ગોઢાવદરમાં સાયબર ક્રાઈમની ડોર ટુ ડોર માહિતી આપવામાં આવી હતી. ઉપસરપંચ વિપુલભાઈ ગજેરા, રાજેશભાઈ ગજેરા, વાઘ પરી બાપુ, ભરત વિંઝુડા વગેરે હાજર રહ્યા હતા.

## અમરેલીમાં પ્લોટમાં કચરો નાખવા મુદ્દે માથાકૂટ થઈ

અમરેલી, તા.૧૧

અમરેલીમાં પ્લોટમાં કચરો નાખવા મુદ્દે માથાકૂટ થઈ હતી. ધર્મેશભાઈ ઉર્ફે જોંગીદર પ્રકાશભાઈ વાળોદરા (ઉ.વ.૩૨)એ ધીરજભાઈ પરશોત્તમભાઈ બારૈયા, સુરેશભાઈ, ચિરાગ અને અજાણી મહિલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના ઘરની બાજુમાં ખુલ્લો પ્લોટ આવ્યો હતો.

જેમાં કોઈ કચરો નંખતું હતું જેથી તેમણે કચરો કોણ નાખી ગયું તેમ પૂછતાં આરોપીને સારું નહોતું લાગ્યું અને તેના મનદુ:ખમાં પાઈપ તથા લાકડી વડે માર માર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પ્રો.પીએસઆઈ આર. ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## કુંકાવાવના કોલડા ગામે કોલવા ભગતના મંદિરે ભવ્ય ધજા મહોત્સવ યોજાયો : અખંડ ચેતન ધૂણો પ્રાગટ્ય કરાયો



કુંકાવાવ,તા.૧૧

કુંકાવાવ તાલુકાના સનાળા ગામ અંતર્ગત આવેલા કોલડા ગામના સુપ્રસિદ્ધ કોલવા ભગતના મંદિરે જેઠ સુદ પૂનમના પવિત્ર દિવસે ભવ્ય ધજા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે સંતો-મહંતોના વરદ હસ્તે અખંડ ચેતન ધૂણો પ્રાગટ્ય કરવામાં આવ્યો હતો. ધજાના દાતા પરસોત્તમભાઈ ઠુંમર, રાજેશભાઈ ઠુમર, ધુપીલકુમાર ઠુંમર અને હેતકુમાર ઠુંમરના ઘરેથી વિધિવત પૂજન કરીને કોલડા ગામમાં ધજા સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં કોલડા ગામ તેમજ આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. વાજતે-ગાજતે નીકળેલી આ શોભાયાત્રા બાદ સંત કોલવા ભગતના મંદિરે બાવન ગજની ધજા ચઢાવવામાં આવી હતી. ભાવિક ભક્તો દ્વારા સાધુ-સંતોના ધામધૂમથી સામૈયા પણ કરવામાં આવ્યા હતા. રાજાધિરાજ જગતગુરુ દ્વારકાધીશ પ્રભુની અખંડ જ્યોત સ્વરૂપે કોલેશ્વર ધામ કોલડામાં બિરાજમાન છે. કોલવા યુવક મંડળ કોલડા ટ્રસ્ટ દ્વારા દર પૂનમે બાવન ગજની ધજા ચડાવવામાં આવે છે અને નાના બાળકોને બટુકભોજન પણ કરાવવામાં આવે છે. દૂર દૂરથી ધર્મપ્રેમી ભાવિક ભક્તો દર પૂનમ ભરવા તેમજ અખંડ જ્યોતના દર્શન કરવા માટે કોલડા ધામે આવે છે.

## અમરેલી શહેરના લાઠી રોડ પર ડમ્પર વિજળીના તાર સાથે અથડાયું



અમરેલી, તા.૧૧

મોડી સાંજે અમરેલી શહેરના લાઠી રોડ પર આવેલી યુનિટી સ્કૂલ પાસે ડમ્પર ચાલકે ડંપર ખાલી કરતી વખતે વીજળીના તાર સાથે અથડાવતા જીવતા વાયર જમીન પર પડ્યા હતા.જેના કારણે અફડા-તફડીનો માહોલ સર્જાયો હતો અને થોડીવાર માટે આ રોડ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.










### મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૫૩ /૨૫ — તા.૧૨/૦૫/૨૦૨૫

વિવાદી :- શ્રી ઈન્દુબેન ખોડાભાઈ બાવળીયા,
ઠે.મુ.દેરડી જાનબાઈ, તા. લાઠી, જી. અમરેલી
C/O અરજદારશ્રીના વિ.વ.શ્રી વિપુલકુમાર જે. ઓઝા,
ઠે.૨-ગણેશ કોમ્પ્લેક્ષ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે, લાઠી

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- **જન્મ - મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત દેરડી જાનબાઈ, તા.લાઠી,જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દેરડી જાનબાઈ ગામના રહિશ આ કામના અરજદારશ્રી ઈન્દુબેન ખોડાભાઈ બાવળીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૩ના રોજ દેરડી જાનબાઈ, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૨/૦૫/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

### મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૫૨ /૨૫ — તા.૧૨/૦૫/૨૦૨૫

વિવાદી :- શ્રી વિરાણી હસમુખભાઈ પરશોતમભાઈ,
ઠે.મુ.ભાલવાવ, તા. લાઠી, જી. અમરેલી
C/O અરજદારશ્રીના વિ.વ.શ્રી વિપુલકુમાર જે. ઓઝા,
ઠે.૨-ગણેશ કોમ્પ્લેક્ષ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે, લાઠી

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- **જન્મ - મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત ભાલવાવ, તા.લાઠી, જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ભાલવાવ ગામના રહિશ આ કામના અરજદારશ્રી વિરાણી હસમુખભાઈ પરશોતમભાઈ નો જન્મ તા.૧૩/૦૭/૧૯૭૨ તથા તેમના બહેન વિરાણી હિનાબેન પરશોતમભાઈ તા.૧૭/૦૩/૧૯૭૪ ના રોજ ભાલવાવ, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૨/૦૫/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

### મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૬૯ /૨૪ — તા.૧૨/૦૫/૨૦૨૫

વિવાદી :- શ્રી નિતીનકુમાર રતિલાલ પીપળીયા,
ઠે.ચક્કર ગઢ રોડ, સાંઈનાથ મંદિર સામે, તા.લાઠી, જી. અમરેલી
મો.૯૯૦૪૬૨૨૧૨૩
C/O અરજદારશ્રીના વિ.વ.શ્રી વિપુલકુમાર જે. ઓઝા,
૨-ગણેશ કોમ્પ્લેક્ષ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે, લાઠી

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- **જન્મ - મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત પીપળવા,તા.લાઠી, જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.પીપળવા ગામના રહિશ આ કામના અરજદારશ્રી નિતીનકુમાર રતિલાલ પીપળીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૨ ના રોજ પીપળવા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૫/૦૪/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

# અમરેલી જિલ્લા પેન્શનર સમાજની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લા/તાલુકા પેન્શનર સમાજ દ્વારા ગત ૧૦ જૂન ૨૦૨૫, મંગળવારના રોજ કપોળ મહાજન વાડી, અમરેલી ખાતે વાર્ષિક સાધારણ સભાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. મુરબ્બી હસુભાઈ જોશીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ સભામાં વિશાળ સંખ્યામાં પેન્શનરો, અમરેલી જિલ્લાના તમામ તાલુકા મથકના પ્રમુખ અને મંત્રીઓ, તેમજ અમરેલી શહેરની વિવિધ બેંકોના મેનેજરો ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૨૦૨૪-૨૫ની વાર્ષિક સાધારણ સભા સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં અને સંતોષના ભાવ સાથે સંપન્ન થઈ હતી. દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી, ત્યારબાદ આયોજક સંસ્થા દ્વારા આમંત્રિત મંચસ્થ



તમામ મહેમાનોનું પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા પેન્શનર સમાજના મહામંત્રી ઘનશ્યામભાઈ સોરઠીયાએ સૌપ્રથમ તમામને આવકાર્યા હતા અને ત્યારબાદ એજન્ડા મુજબ ગત વર્ષના



હિસાબોનું વાંચન કર્યું હતું, જેને ઉપસ્થિત તમામ પેન્શનરોએ હાથ ઊંચા કરી બહાલી આપી હતી. આમંત્રિત બેંક મેનેજરોએ પેન્શનરોના વિવિધ મૂંઝવતા પ્રશ્નો અંગે માહિતી આપી હતી અને વડીલ પેન્શનરોને બેંકમાં કોઈ અગવડ ન પડે તેની ખાતરી આપી હતી. ઘણા પેન્શનરોએ પણ ઊભા થઈ તેમના પ્રશ્નો રજૂ કર્યા હતા અને તેનું સમાધાન મેળવ્યું હતું. અમરેલી જિલ્લા પેન્શનર સમાજના પ્રમુખ અને ટ્રેઝરી વિભાગમાંથી સેવા નિવૃત્ત થયેલા રાજુભાઈ મહેતાએ પણ પોતાના બહોળા અનુભવના આધારે પેન્શનરોને માહિતગાર કર્યા હતા. રાજુભાઈ મહેતા સહિત તમામ તાલુકાના પ્રમુખોએ પોતાના પ્રવચનમાં વિસ્તૃત માહિતીની છણાવટ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન નિખિલભાઈ પારેખે કર્યું હતું. કાર્યક્રમના અંતે સૌ સાથે ભોજન લઈ છૂટા પડ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ અમરેલી જિલ્લા પેન્શનર સમાજના મહામંત્રી ઘનશ્યામભાઈ સોરઠીયા અને તેમની ટીમ દ્વારા સુપેરે સંપન્ન થયો હતો.

## બાબરાના નીલવડા ગામે હાથ ઉછીના પૈસા મુદ્દે જાનથી મારવાની ધમકી આપી

બાબરા, તા.૧૧

**લોનનો હપ્તો ભરવા પૈસા લીધા હતા**

બાબરાના નીલવડા ગામે લોનનો હપ્તો ભરવા લીધેલા હાથ ઉછીના પૈસા મુદ્દે જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે ભરતભાઈ કાંતિભાઈ બગડા (ઉ.વ.૩૯)એ વાંકીયા ગામના ડાયાભાઈ ઉર્ફે દલુ ભીખાભાઈ હેલૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને લોનનો હપ્તો ભરવા માટે પૈસાની જરૂર હતી. જેથી ગીતાબેન મુકેશભાઈ હેલૈયા રહે.વાંકીયા વાળા પાસેથી ચાર હજાર રૂપિયા હાથ ઉછીના લીધા હતા અને તેમની પાસે પૈસાની વ્યવસ્થા ન હોવાથી તેઓ ગીતાબેનને આ રૂપિયા પરત કરી શક્યા નહોતા. જેથી ગીતાબેનના દિયર ડાયાભાઈએ તેમને ફોન કરી પૈસા આપી દેવા જણાવ્યું હતું અને પૈસા ન આપે તો તેમને મારી નાખવાની ધમકી આપી, જેમ ફાવે તેમ ગાળો આપી હતી.

## લીલીયા પોલીસ દ્વારા સલડી ગામે સાયબર જાગૃતિ કાર્યક્રમ: વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને ફ્રોડથી બચવા માર્ગદર્શન અપાયું

લીલીયા, તા.૧૧

પ્રવર્તમાન સમયમાં સાયબર ગુનાઓનું પ્રમાણ વધતું જતું હોવાથી તેને અટકાવવા અત્યંત જરૂરી છે. આ સંદર્ભે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સલડી ગામે લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ. જે. ગીડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ એક સાયબર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સલડીની યાજ્ઞિક સ્કૂલના



વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને ડોર-ટુ-ડોર મળીને સાયબર માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં APK એપ્લિકેશન, લગ્ન કંકોત્રી જેવી નકલી એપ્લિકેશનથી કેવી રીતે બચવું, સાયબર ફ્રોડના વિવિધ પ્રકારો અને હાલના સમયમાં બનેલા બનાવોથી લોકોને વાકેફ કરાયા હતા. આ તકે, અમરેલી જિલ્લાના સાયબર પોલીસ સ્ટેશનના વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે પણ તમામ ગ્રામજનોને સમજાવવામાં આવ્યું હતું. સાયબર જાગૃતિ ઉપરાંત, વ્યાજખોરીને લગતા પ્રશ્નો તેમજ મહિલાઓને લગતા પ્રશ્નો અંગે પણ વિશેષ ચર્ચા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજુલાની શ્રીમતી ટી.જે .બી.એસ .ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે પર્યાવરણ દિવસ ઉજવણી કરવામાં આવી

રાજુલા, તા.૧૧



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાની શ્રીમતી ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે પર્યાવરણ દિવસની ઉજવણીનાં ભાગ રૂપે શાળા સફાઈ તથા સ્વચ્છતાના મહત્વ અંગે કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થિની બહેનોને જીવનમાં સફાઈ તથા સ્વચ્છતાનું મહત્વ સમજાવી પર્યાવરણ બચાવવા તેમજ પ્લાસ્ટિકથી થતાં નુકસાન તેમજ સિગલ યુઝ પ્લાસ્ટિક બંધ કરવા સંદર્ભે વકતવ્ય તથા વીડિયો સોંગ દ્વારા માહિતી આપવામાં આવી હતી તેમ જ સ્વચ્છતા સંદર્ભે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના સમગ્ર શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.

## સાવરકુંડલામાં શ્વાન પર એસિડ હુમલો : નિર્દયી ઘટનાથી પશુપ્રેમીઓમાં રોષ, તાત્કાલિક કાર્યવાહીની માંગ

સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલાના સંઘેડિયા બજાર અને નદી વિસ્તારમાં એક અત્યંત નિર્દયી અને નિંદનીય ઘટના સામે આવી છે, જેમાં એક અજાણ્યા વ્યક્તિ દ્વારા નિર્દોષ શ્વાન પર એસિડ ફેંકવામાં આવ્યું છે. આ અમાનવીય કૃત્યથી પશુપ્રેમીઓ અને સ્થાનિક સમાજમાં ભારે રોષ અને આઘાતની લાગણી વ્યાપી ગઈ છે. મળતી વિગતો મુજબ, નદી વિસ્તાર નજીક આવેલા સંઘેડિયા બજારમાં એક શ્વાન પર એસિડ ફેંકવામાં આવતા તેને અસહ્ય વેદના અને ગંભીર ઈજાઓ થઈ



તસવીર : સૌરભ દોશી

છે. ચોંકાવનારી વાત એ છે કે, આવી ઘટનાઓ એક પછી એક બની રહી હોવાનું પણ જાણવા મળ્યું છે, જે ચિંતાનો વિષય છે. પશુપ્રેમીઓ અને સ્થાનિક નાગરિકો આ ઘટનાને લઈને ઉગ્ર વિરોધ વ્યક્ત કરી રહ્યા છે અને આવા અમાનવીય કૃત્યો આચરનારાઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. સ્થાનિકો દ્વારા પોલીસ વિભાગ અને પશુ કલ્યાણ સંગઠનોને આ ઘટનાને ગંભીરતાથી લઈને તાત્કાલિક પગલાં ભરવા માટે અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત, સમાજના તમામ વર્ગોને પશુઓ પ્રત્યે દયાભાવ રાખવા અને આવા કૃત્યો સામે એકજૂટ થઈને અવાજ ઉઠાવવા માટે આગ્રહ કરવામાં આવ્યો છે.

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ. નૂતનબેન જયેશભાઈ કક્કડ (ઉ.વ.૭૭)નું તા. ૦૯-૦૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે રાજકોટ નિવાસી અ.નિ. જયેશભાઈ કાંતીલાલ કક્કડના ધર્મપત્ની (રવિ પ્રકાશનવાળા) (હંસા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત, શ્રી સદ્‌ગુરુદેવ હરિચરણદાસજી મહારાજશ્રી ભોજનાલય), તેઓ ચિરાગભાઈ તેમજ અમીબેન રાજનકુમાર નથવાણી, ટમીબેન જીતેનકુમાર સીમરીયા (જામનગર)ના માતુશ્રી અને રોશનીબેન ચિરાગભાઈ કક્કડના સાસુ જે નવીનભાઈ કાંતિલાલ કક્કડ (દર્પણ પ્રકાશનવાળા), જગદિશભાઈ કાંતિલાલ કક્કડ (એકતા પ્રકાશનવાળા), રસીકભાઈ કાંતિલાલ કક્કડ (એકતા પ્રકાશનવાળા) તથા પ્રિયાંક અને ઈશિકાના દાદી તેમજ રાયપુર નિવાસી સ્વ. મુકુંદભાઈ પોપટના દીકરી થાય છે. સદ્‌ગતની પ્રાર્થનાસભા/બેસણું તા. ૧૨-૦૬-૨૦૨૫, ગુરુવાર સાંજે ૪:૩૦ થી ૬:૦૦ કલાકે, સ્થળ યોગી સભાગૃહ, બીપીએસ સ્વામિનારાયણ મંદિર, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

વનીતાબેન ચીમનલાલ જોષી (ઉ.વ.૬૪)નું તા.૭/૬/૨૫ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ચીમનભાઈ ભાનુશંકર જોષી (પતિ), દીપકભાઈ ચીમનભાઈ જોષી, અજીતભાઈ ચીમનભાઈ જોષી, કેતનભાઇ ચીમનભાઈ જોષીના માતા તથા જય અજીતભાઈ જોષી (ઉ.વ. ૧૪) તે અજીતભાઈ ચીમનભાઈ જોશીના દિકરા થાય છે. સદ્‌ગતનું બેસણું તા.૧૨/૬/૨૫ને ગુરુવારના રોજ સવારે ૮ થી ૬ બાઢડા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

નર્મદાબેન લાલજીભાઈ નાકરાણી (ઉ.વ.૭૪)નું તા.૮/૬/૨૫ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે લાલજીભાઈ રૂડાભાઈ નાકરાણીના પત્ની, કિશોરભાઈ લાલજીભાઈ નાકરાણી, વિપુલભાઈ લાલજીભાઈ નાકરાણી, અતુલભાઈ લાલજીભાઈ નાકરાણી માતૃશ્રી થાય છે. સદ્‌ગતનું બેસણું તા.૧૨/૬/૨૫ને ગુરુવારના રોજ સવારે ૮ થી ૫ કલાકે પટેલ વાડી શિવાજીનગર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**મોટી કુંકાવાવ**

મોટી કુંકાવાવ નિવાસી ઔદીચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ જયસુખભાઇ શાંતિલાલ ભટ્ટ (ઉ.વ ૫૯ )નું ૯-૦૬-૨૦૨૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ચંદ્રકાંતભાઈના નાના ભાઈ તેમજ જીતેન્દ્રભાઈના મોટા ભાઈ તથા હર્ષ, રીન્કુના પિતાશ્રી થાય છે. તેમનું બેસણું તા.૧૨-૦૬-૨૦૨૫ને ગુરુવારના રોજ બપોરે ૩થી ૬ તેમના નિવાસ સ્થાન રણુજા પ્લોટ, નાની કુંકાવાવ રોડ, મોટી કુંકાવાવ મુકામે રાખેલ છે.


અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર

ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી

3BHK બંગલો

સેમ્પલ હાઉસ તૈયાર છે.



રાધેશ્યામ નગરી

સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી

રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર

ઉપલબ્ધ સુવિધાઓ

● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેકટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર

સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯


### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૬૩ /૨૫ — તા.૨૭/૦૫/૨૦૨૫

વિવાદી :- શ્રી નયનાબેન ઘનશ્યામભાઈ પીપળીયા,
ઠે. સુરેન્દ્રનગર, ઠે. બ્રહ્માણી કૃપા, શેરી નં.૧૬, રતનપર, મુ.તા.જી.સુરેન્દ્રનગર
મો.૯૦૨૩૩૫૫૫૫૫
C/O અરજદારશ્રીના વિ.વ.શ્રી એચ.કે.પઢારીયા
એડવોકેટ, લાઠી, મો.૯૮૨૪૨૬૯૯૫૧

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- **જન્મ - મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત ધ્રુફણીયા તા.લાઠી, જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ધ્રુફણીયા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રી સ્નેહા ઘનશ્યામભાઈ પીપળીયાનો જન્મ તા.૧૪/૧૦/૨૦૦૫ના રોજ ધ્રુફણીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૯/૦૫/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

### //એક્ઝિકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૧૧૦/૨૦૨૫

અરજદાર :- શ્રી ચંપાબેન મનસુખભાઈ જેઠવા
રહે. ગોઢાવદર, તા.લીલીયા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ગાવડકા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ગાવડકાગામમાં અરજદારશ્રી ચંપાબેન મનસુખભાઈ જેઠવા તેઓના ભાણેજ સુનિલકુમાર રમેશભાઈ પરમારની જન્મ (તા.૦૪/૦૮/૧૯૭૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**એક્ઝિકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

### મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

**રૂબરૂ સુનાવણી**

**નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૮૦/૨૦૨૫** — **તા.૨૭/૦૫/૨૦૨૫**

**અરજદારશ્રી** :- ૧. બીલકીસબાનુ નનુભાઈ કુરેશી
રહે.સૈયદવાડા રહીમનગર ઉના, મું.ઉના

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી સાવરકુંડલા,તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી બીલકીસબાનુ નનુભાઈ કુરેશીનો જન્મ તા.૦૧/૦૩/૧૯૫૯ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા( જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**


નિત્યા સ્કીન કિલનીક

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર

M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ

ઉપલબ્ધ સારવાર

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ

M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન અંતર્ગત કૃષિ રથ સાવરકુંડલા અને જાફરાબાદ તાલુકામાં પહોંચ્યો

અમરેલી, તા.૧૧



ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા તારીખ ૨૯/૫/૨૫ થી ૧૨/૬/૨૫ દરમિયાન પ્રી ખરીફ કેમ્પેઈન અંતર્ગત વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન માટેનો કૃષિ રથ સાવરકુંડલા તાલુકાના મેકડા, શેલણા, આંકોલડા અને જાફરાબાદ તાલુકાના ફાચરીયા, લોર, મોટા માણસા મુકામે પહોંચ્યો હતો. આ વિકસિત કૃષિ સંકલ્પ યાત્રામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષીબેન બારીયાના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ડો વી.એસ. પરમાર, ડો. એન. એમ. કાછડીયા અને ખેતી અધિકારી અને સુજીત બારિયા દ્વારા ખેડૂતોને આધુનિક ખેતીની માહિતી તેમજ પ્રાકૃતિક ખેતીનો પ્રચાર પ્રસાર કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં નિવૃત વિસ્તરણ અધિકારી એ. એમ. શેખવા પણ હાજર રહી ખેડૂતોને માર્ગદર્શિત કરે છે. આ કાર્યક્રમમાં આત્માના પ્રતિનિધિ, રામ સેવક તેમજ બાગાયત અધિકારી પણ હજાર રહ્યા હતા. ખેડૂતો પણ આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જોડાયા હતા.

# અમરેલી શહેરમાં બે પુરુષોએ વિવિધ કારણથી આપઘાત કર્યો

**લુણીધાર ગામે સિમેન્ટના કોબા સાથે માથું અથડાતા હેમરેજ**

અમરેલી, તા.૧૧

અમરેલી શહેરમાં બે પુરુષોએ વિવિધ કારણથી આપઘાત કર્યો હતો. બહારપરામાં રહેતા અમિતભાઈ વજુભાઈ બેરાણી (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, મનોજભાઈ વજુભાઈ બેરાણી (ઉ.વ.૩૦)ના ત્રણથી ચાર હજાર રૂપિયા રસ્તામાં ક્યાંક પડી ગયા હતા. ઉપરાંત તેમની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી લાગી આવતા ગળાફાંસો ખાઈ મરણ પામ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.બી. મારૂ વધુ તપાસ કરી રહ્યા છે. બીજા બનાવમાં બહારપરામાં રહેતા હુસેનભાઈ ગુલાબભાઈ મકવાણા (ઉ.વ.૧૯)એ જાહેર કર્યા મુજબ, ગુલાબભાઈ કરીમભાઈ મકવાણા (ઉ.વ.૫૦)એ માનસિક બીમારીથી કંટાળી પોતાના રહેણાંક મકાને એસિડ પી લીધું હતું. સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે. વડીયાના લુણીધાર ગામે રહેતા સંજયભાઈ ભાયાભાઈ ખુમાણ (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, ભાયાભાઈ લખુભાઈ ખુમાણને ઈલેક્ટ્રિક શોક લાગતાં ઘા થઈ જતાં ઓસરીમાં સિમેન્ટના કોબા સાથે માથું ભટકાયું હતું. જેથી હેમરેજના કારણે તેમનું મોત થયું હતું. દેવળકી ગામે પરિણીતાની સાડીનો છેડો ગેસના ચુલા ઉપર રસોઈ બનાવતી વખતે અડી જતાં દાઝી જવાથી સારવાર અર્થે ખસેડવામાંઆવી હતી.

# વરસડા ગામની સીમમાંથી સગીરાને જીજાજી ગંદુ કામ કરવાના ઈરાદે ભગાડી ગયો

**દાહોદ જિલ્લાનો પરિવાર મજૂરી અર્થે આવ્યો હતો**

અમરેલી, તા.૧૧

અમરેલીના વરસડા ગામની સીમમાં દાહોદ જિલ્લાનો એક પરિવાર મજૂરી અર્થે આવ્યો હતો. વાડી વિસ્તારમાં રહેતા પરિવારની સગીર પુત્રીને તેનો જ જીજાજી ગંદુ કામ કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. બનાવ અંગે સગીરાના પિતાએ દાહોદના ધાનપુર તાલુકાના ગાહેલવાઘા પટેલ ફળીયુંમાં રહેતા અર્જુન મનુભાઈ મોહનીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી જમાઈ પોતે પરણીત હોવા છતાં તેમની દીકરીને લગ્ન કરવાની લાલચ આપી ગંદુ કામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ ઓ.કે. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી-અંબાજી ST બસને ઉનાવા ડેપો અને દરગાહે સ્ટોપ આપવા રજૂઆત

**સામાજિક કાર્યકર જાવેદખાન પઠાણે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને ST ડેપો ડીસીને વિનંતી કરી**

અમરેલી, તા.૧૧

અમરેલીથી અંબાજી જતી ST બસને ઉનાવા બસ સ્ટેન્ડ અને મુસ્લિમ સમાજના ધાર્મિક સ્થળ મીરા સૈયદ અલી દાતાર દરગાહ પાસે સ્ટોપ આપવા માટે રજૂઆત કરવામાં આવી છે. હાલમાં આ બસ ઉનાવા બાયપાસ પરથી પસાર થાય છે, જેના કારણે સ્થાનિકો અને ખાસ કરીને દરગાહના દર્શનાર્થીઓને હાલાકી ભોગવવી પડે છે. અમરેલીથી અંબાજી તરફ સાંજે ૭:૩૦ વાગ્યે ઉપડતી આ બસને ઉનાવા બસ સ્ટેન્ડ અને દરગાહ પાસે સ્ટોપ આપવામાં આવે તેમજ અંબાજીથી પરત આવતી વખતે પણ ઉનાવા બસ સ્ટેન્ડ સુધી ચલાવવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી છે. સામાજિક કાર્યકર



જાવેદખાન પઠાણ દ્વારા આ રજૂઆત અમરેલીના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા તેમજ અમરેલી ST ડેપોના ડીસીને કરવામાં આવી છે.

અમરેલી જિલ્લામાંથી અનેક મુસ્લિમ સમાજના લોકો રોજેરોજ મીરા સૈયદ અલી દાતાર દરગાહના દર્શને જતા હોય છે. બસને આ સ્ટોપ મળવાથી તેમને સીધી સુવિધા પ્રાપ્ત થશે અને સમય તથા ખર્ચ બંનેની બચત થશે. આ રજૂઆતનો મુખ્ય હેતુ ધાર્મિક સ્થળના દર્શનાર્થીઓ અને ઉનાવાના સ્થાનિક નાગરિકોને પરિવહનની વધુ સારી સુવિધા પૂરી પાડવાનો છે.

# કરીયાણા ગામેથી ખાખરીયા ગામ તરફ જવાના કાચા માર્ગે ફોરવ્હીલમાં થતી દારૂની ખેપ ઝડપાઈ

બાબરા, તા.૧૧

બાબરાના કરીયાણા ગામેથી ખાખરીયા ગામ તરફ જવાના કાચા માર્ગે ફોરવ્હીલમાં થતી દારૂની ખેપ ઝડપાઈ હતી. ઉપરોક્ત સ્થળેથી ફોરવ્હીલ ગાડીમાં ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલ નંગ-૨૧૩ કિં.રૂ.૫૭,૫૧૫ તથા ફોરવ્હીલ ગાડીની કિં.રૂ.૫,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૫,૫૭,૫૧૫ નો પ્રોહીબિશન મુદ્દામાલ રેઈડ દરમ્યાન મળી આવ્યો હતો. ચલાલાના જુના ચરખાથી કથીવદર વચ્ચે બાઈક લઈને પસાર થતાં યુવકને અટકાવી તલાશી લેતાં પાંચ લીટર દેશી દારૂ મળ્યો હતો. પોલીસે કુલ રૂ.૬૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. દામનગર અને હનુમાનપુર ગામેથી એક-એક ઈસમ કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# સાવરકુંડલામાં બ્રહ્મસમાજ દ્વારા વડ સાવિત્રી પૂજન

સાવરકુંડલા, તા.૧૧



સાવરકુંડલામાં સમસ્ત બ્રહ્મસમાજની વાડી ખાતે નદીના કાંઠે આવેલા પવિત્ર વડના વૃક્ષ નીચે વડ સાવિત્રી પૂજનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બ્રહ્મસમાજની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પરંપરાગત રીતે વડના વૃક્ષની પૂજા કરી અને પતિના દીર્ઘાયુ, સુખ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. વડ સાવિત્રી વ્રત ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીઓ માટે વિશેષ મહત્વ ધરાવે છે, જેમાં સાવિત્રીની નિષ્ઠા અને ભક્તિની કથાને યાદ કરીને પૂજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં બહેનોએ વડના વૃક્ષની ફરતે દોરો બાંધી, ધૂપ-દીપથી આરતી કરી અને પૂજાની વિધિ પૂર્ણ કરી હતી. આ પ્રસંગે બ્રહ્મસમાજના આગેવાનો અને સમાજના અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા બ્રહ્મસમાજે પોતાની સાંસ્કૃતિક પરંપરાઓને જાળવી રાખવાનો અને સમાજમાં એકતાનો સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે. આવા આયોજનો ધાર્મિક અને સામાજિક સંવાદને મજબૂત કરવામાં મહત્વનું યોગદાન આપે છે.

# લીલીયા તાલુકાના ગોઢાવદર મુકામે સ્વામિનારાયણ મંદિરનું ખાતમુહૂર્ત

લીલીયા,તા.૧૧



લીલીયાના ગોઢાવદર ગામે પરમ પૂજ્ય લાલજીદાદાના નેતૃત્વમાં સમસ્ત ગામના હિતાર્થે દાનમાં મળેલ રકમમાંથી હરિભક્તોએ જુના સ્વામિનારાયણ મંદિરને નવું બનાવવાનો નિર્ધાર કર્યો હતો. આ નવા મંદિરનું આજે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે સંતોના સામૈયા કરવામાં આવ્યા હતા. સલડી, ગોઢાવદર અને આજુબાજુના ગામોમાંથી આવેલા ભક્તોમાં અનેરો ઉત્સવ જોવા મળ્યો હતો.

**માતા-પિતાના ઘરે આવી હતી**

# અમરેલીમાં પરિણીતાએ ગાળો બોલવાની ના પાડતાં માર માર્યો

**ટીશર્ટ પકડી ખેંચીને પેટમાં કોણી મારી**

અમરેલી, તા.૧૧

અમરેલી શહેરમાં એક પરિણીતા તેના માતા-પિતાના ઘરે આવી હતી. શેરીમાં કેટલાક ઈસમો ગાળો બોલતા હોવાથી તેણે ગાળો બોલવાની ના પાડતાં તેના ઘરમાં પ્રવેશ કરીને પેટમાં કોણી તથા પાટુ મારવામાં આવ્યું હતું. બનાવ અંગે નિકિતાબેન કેતનભાઈ ચાવડા (ઉ.વ.૨૪)એ ધર્મેશભાઈ ઉર્ફે જોગીંદર પ્રકાશભાઈ વાળોદરા (ઉ.વ.૩૨), ખૂશ્બુબેન તથા લક્ષ્મીબેન સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેના માતા- પિતાના ઘરે હતા ત્યારે બજારમાં આરોપી ધર્મેશભાઈ ગાળો બોલતા હતા. તેમણે ગાળો બોલવાની ના પાડતા આરોપીએ તેના ઘરે અપ્રવેશ કરીને માર માર્યો હતો. ઉપરાંત તેમણે પહેરેલું ટીશર્ટ પકડી અને ખેંચી હતી તથા પેટમાં કોણી મારી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પ્રો.પી.એસ.આઈ આર.ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ એકમ
તા.૧૨-૦૬-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૨૨,
સૂર્યાસ્ત-૦૭:૧૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ મૂળ

## દૈનિક રાશિફળ

તા.૧૨-૦૬-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજનો દિવસ શુભ કાર્યોમાં વિતાવશો. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે અને ધાર્મિક સ્થળોની યાત્રા બનશે.

વૃષભ: આજે સ્થિતિ બરાબર રહેશે. ધંધાની સ્થિતિમાં પણ સુધારો થઈ રહ્યો છે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે.

મિથુન: આજે સિદ્ધિનો દિવસ છે સમયનો લાભ લો. સત્તાવાર કાગળ કરવામાં વિલંબ ન કરો અન્યથા તે બાકી રહી શકે છે.

કર્ક: સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. ઘરમાં સ્ત્રી સભ્યની તબિયત નબળી હોવાને કારણે ઘરના કામમાં પરેશાની થઈ શકે છે.

સિંહ: તમારા માટે આજનો દિવસ સારો રહેશે. બીજાઓને મદદ કરવા આગળ રહેશો. બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે.

કન્યા: આજનો દિવસ સારો રહેશે, છતાં ગંભીરતા લાવવી જરૂરી છે, કાર્ય વ્યવસાયમાં જૂની યોજનાઓ નાણાકીય લાભો સાથે સમાજમાં સર્વોપરિતા વધશે.

તુલા: આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો.

ધન: આજનો દિવસ તમારા માટે કંઈક અસ્પષ્ટ દિવસ રહેશે. દિવસનો મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે.

મકર: દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આમાં મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે.

કુંભ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જે વ્યક્તિને તમે સજ્જન માનતા હોવ તે ચીટ કરી શકે છે તેથી સાવધાનીથી વર્તો.

મીન: આજનો દિવસ કંઈક માહિતીપ્રદ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. પ્રિયજનો તરફથી કોઈ સારા સમાચાર મળશે.

# કુંકાવાવના સનાળા ગામના જસ્મિન કાલેણા આર્મીની તાલીમ પૂર્ણ કરી પરત ફરતા ભવ્ય સ્વાગત

કુંકાવાવ,તા.૧૧



અમરેલીના કુંકાવાવ તાલુકાના સનાળા ગામના વતની જસ્મિન કાલેણાની ભારતીય આર્મીમાં પસંદગી થતા ગામ અને પરિવારમાં હર્ષનો માહોલ છે. દિનેશભાઈ અને રીનાબેન કાલેણાના સુપુત્ર જસ્મિનભાઈએ બેંગલુરુ ખાતે પોતાની તાલીમ પૂર્ણ કરી છે. તાલીમ બાદ જસ્મિનભાઈ વતન પરત ફરતા, ભગીરથ યંગ ગ્રુપ અને સગર સમાજ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અમરેલીના શિવાજી ચોક, જેસીંગપરાથી તેમના નિવાસ સ્થાન અંબિકાનગર સુધી બાઈક રેલી યોજાઈ હતી, જેમાં પરિવારજનો અને સમાજ અગ્રણીઓ દેશભક્તિના રંગે રંગાયા હતા. જસ્મિનભાઈને રાજસ્થાનના બિકાનેર ખાતે પોસ્ટિંગ મળ્યું છે. આર્મી સર્વિસ કોર (ASC)નો ભાગ બનીને તેઓ દેશસેવા કરશે, જેનું ધ્યેય વાક્ય "સેવા અસ્માકં ધર્મઃ" એટલે કે "સેવા એ અમારું કર્તવ્ય છે." સનાળા ગામના વડીલો અને સમાજના આગેવાનો સહિત વિશાળ સંખ્યામાં લોકોએ જસ્મિનભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

# પત્નીએ પ્રેમી સાથે ભાગી જવા પતિને ઉંઘની દવાનો ભુક્કો પીવડાવી દીધો

**ધારી પોલીસે તપાસ હાથ ધરી**

ધારી, તા. ૧૧

ધારીના ગોવિંદપુર ગામે ફિલ્મી સ્ટોરી જેવી ઘટના સામે આવી હતી. એક પરિણીતાએ તેના પ્રેમી સાથે ભાગી જવા પતિના દૂધમાં ઉંઘની દવાનો ભુક્કો નાખી દીધો હતો. બનાવ અંગે રૈયાભાઈ ઉર્ફે રવીભાઈ મંગાભાઈ બતાડા (ઉ.વ.૨૩) એ તેની પત્ની મીનાબેન બતાડા (ઉ.વ.૨૫) સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેની પત્નીને તેના પ્રેમી સાથે ભાગી જવું હતું. જેથી તેના દૂધમાં ઉંઘની દવાની ટીકડીનો વધુ પ્રમાણમાં ભુક્કો નાંખીને પીવડાવી દીધો હતો. ઘટનાના પગલે ચકચાર મચી ગઈ હતી. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એસ. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરમાં ત્રણ અગ્નિવીરોનું ભવ્ય સ્વાગત: બેંગલુરુથી તાલીમ પૂર્ણ કરી માદરે વતન પરત ફર્યા

દામનગર, તા.૧૧



બેંગલુરુ ખાતે અગ્નિવીરની તાલીમ પૂર્ણ કરીને માદરે વતન દામનગર પરત ફરેલા ત્રણ યુવાનો મેહુલ પરષોત્તમભાઈ ભાસ્કર, જીજ્ઞેશ ગુલાબભાઈ ચાવડા અને રણછોડ છભાડનું દામનગરના શહેરીજનો દ્વારા ભવ્ય સામૈયા સાથે અદકેરું સન્માન કરવામાં આવ્યું હતું. આ ત્રણેય યુવાનોએ દેશની સુરક્ષા માટે લશ્કરી તાલીમ પૂર્ણ કરતા સમગ્ર શહેરમાં ગૌરવની લાગણી છવાઈ હતી. શહેરભરના રાજમાર્ગો ઉપર ત્રિરંગા સાથે યુવાનોની અશ્વો પર પરેડ યોજાઈ હતી. દેશસેવા માટે સમર્પિત આ યુવાનોને સત્કારવા માટે શહેરીજનો અદમ્ય ઉત્સાહ સાથે ઉમટી પડ્યા હતા. શહેરના આંબેડકર ચોકથી સામૈયાનું પ્રસ્થાન થયું હતું, જે સરદાર ચોક, ભુરખીયા રોડ ચોકડી, નગરપાલિકા સામે, અજમેરા શોપિંગ સેન્ટર સહિતના વિસ્તારોમાં રોડ-રસ્તાની બંને તરફ કતારો સાથે અગ્નિવીરોને સત્કારવા લોકો જોડાયા હતા.

**જિલ્લામાં અકસ્માતનો વધુ એક બનાવ**

# રાજુલાના કથીવદર ગામે ફોરવ્હીલ-ટ્રેક્ટરનો અકસ્માત: એકનું મોત

**ટ્રેક્ટરના બે કટકા થઈ ગયા**

રાજુલા, તા.૧૧

અમરેલી જિલ્લામાં અકસ્માતનો વધુ એક બનાવ બન્યો હતો. રાજુલાના કથીવદર ગામે ફોરવ્હીલ અને ટ્રેક્ટર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એકનું મોત થયું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે ટ્રેક્ટરના બે કટકા થઈ ગયા હતા. બનાવ અંગે જીલુભાઈ રામભાઈ વાઘ (ઉ.વ.૩૫)એ ફોરવ્હીલ નંબર જીજે-૩૧-એ-૫૨૦૩ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના કાકા બાવાભાઈ બાઘાભાઈ વાઘ તેમનું ટ્રેક્ટર જીજે-૧૪-એપી-૯૪૫૪ નું લઈ ઘરેથી વાડીએ જતા હતા અને કથીવદરથી હાઈવે ઉપર ટ્રેક્ટર ચડાવીને આશરે ૨૦૦ મીટર પહોંચ્યા ત્યારે પાછળથી જીજે-૩૧-એ-૫૨૦૩ ફોરવ્હીલના ચાલકે આવી તેમના કાકા બાવાભાઈના ટ્રેક્ટર સાથે ભટકાવી હતી. જેમાં ટ્રેક્ટરના બે ભાગ થઈ ગયા હતા અને તેમના કાકા ઉપર ફોરવ્હીલ ચડાવી દીધી હતી. જેમાં ગંભીર ઈજા થતા મોત નિપજ્યું હતું. પીપાવાવ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એ.આર. છોવાળા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# અમેરિકા સામે સર્વત્ર આક્રોશ

જ્યારથી અમેરિકાની ગાદી પર ડોનાલ્ડ ટ્રમ્પ આવ્યા છે ત્યારથી વિશ્વભરની અંદર એક પ્રકારની દહેશત સાથે ભયનો માહોલ છે. નાના દેશો અમેરિકાથી ફફડી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ સત્તાના નશામાં રોજ નીત-નવા ખેલ કરી રહ્યા છે. જેને કારણે અમેરિકાને મહાન બનાવવાનું તેનું સપનું એક બાજુએ રહી જશે પરંતુ અમેરિકા ઝડપભેર તૂટી જશે. ડોનાલ્ડ ટ્રમ્પના એક પછી એક નિર્ણયો અમેરિકાની નીતિ પર ગંભીર અસર પાડી રહ્યા છે. ખાસ કરીને અમેરિકાએ જે રીતે વિશ્વના બીજા દેશો સાથે ટેરિફ યુદ્ધ આદર્યું છે તેને કારણે અન્ય દેશોને તો નુકસાન થાય જ છે પરંતુ અમેરિકાને વધુ નુકસાન થઈ રહ્યું છે. ખાસ કરીને ચીન સાથે અને ભારત સાથેના તેના વ્યાપારિક સંબંધો ધીમે ધીમે વધુને વધુ નબળા થઈ રહ્યા છે. અમેરિકાની ભારત વિરુદ્ધની નીતિને કારણે ભારત ધીમે ધીમે અમેરિકાની સામેની છાવણીમાં એટલે કે રશિયા ચીનના પક્ષમાં જઈ રહ્યું છે. ભારતના નાગરિકો સામે અમેરિકન સરકાર જે રીતે માનવતાહિન વર્તન કરી રહી છે તેને કારણે અમેરિકા પ્રત્યે ભારતની પ્રજા અને ત્યાંના ભારતીય સમુદાયના લોકો સખત નારાજ છે. ભારત સરકાર પણ અમેરિકાની આ નીતિ સામે સખત નારાજ છે પરંતુ આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ચોક્કસ મર્યાદા હોવાથી ભારત આ બાબતમાં સત્તાવાર નિવેદન આપી શકે નહીં દાખલા તરીકે અમેરિકામાંથી ભારતના નાગરિકોને જે રીતે હાંકી કાઢવામાં આવ્યા છે તે અમાનવીય રીત સામે આપણે કંઈ બોલી શકતા નથી તેનું મેઈન કારણ એ છે કે તે લોકો ગેરકાનૂની રીતે અમેરિકામાં હતા એ સાચું છે પરંતુ તેની સાથે જે અમાનવીય રસમ અપનાવવામાં આવી રહી છે તેનો ચોક્કસ વિરોધ ભારતની જનતા કરી રહી છે. સત્તાવાર રીતે ભારત સરકાર આની સામે કોઈ નિવેદન આપી શકે નહીં કારણ કે તે લોકો ગેરકાનૂની રીતે અમેરિકામાં રહેતા હતા આથી ભારત સરકાર તેને સીધું સમર્થન આપી શકે નહીં. ભારતના વિરોધ પક્ષોએ આ બાબત સમજવી જોઈએ. અમેરિકાના એરપોર્ટ પર ભારતના એક છાત્ર સાથે અપરાધી જેવો અમાનવીય વ્યવહાર કરવામાં આવતા ભારતીય સમુદાયમાં ભારે રોષ ઉઠ્યો છે. આ છાત્રને જમીન ઉપર ઊંધો સૂવડાવી હાથકડી બાંધવામાં આવી હતી. આ અત્યાચાર દરમિયાન તે કણસીને રડી રહ્યો હતો. તે અધિકારીઓને સતત હતો કે તે પાગલ નથી આમ છતાં તેની સાથે અમાનવીય અને અપરાધી જેવું વર્તન ચાલુ રહ્યું હતું. છાત્ર પોતાને છોડવા માટે વિનંતી કરતો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા અમેરિકા વિરુદ્ધ આક્રોશ જાગ્યો છે. વિશ્વના બીજા દેશો પણ આનો વિરોધ કરી રહ્યા છે. અમેરિકાની સત્તા સામે વિશ્વની અંદર ભારે આક્રોશ છે જેને એલન મસ્ક ટેકો આપી રહ્યા છે. અમેરિકન યુનિવર્સિટીમાંથી અડધો ડઝન દેશના વિદ્યાર્થીઓને હાંકી કાઢવામાં આવતા અને અમેરિકાની વિશ્વપ્રસિદ્ધ યુનિવર્સિટી સામે પ્રતિબંધો લાગતા અમેરિકામાં ભારે આક્રોશ સાથે ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ દેખાવ કરવામાં આવી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ સત્તાના નશામાં જે રીતે વર્તી રહ્યા છે તેનાથી તેના અંગત મિત્ર અને તેના નજીકના સાથીદાર વિશ્વના સૌથી મોટા ધનકુબેર એલન મસ્કે પણ છેડો ફાડી નાખ્યો છે અને અમેરિકન સરકાર સામે બાંયો ચડાવી છે. અમેરિકામાં વિરોધ પક્ષના સેનેટરો ડોનાલ્ડ ટ્રમ્પની સામે સખત વિરોધમાં છે. અમેરિકાની આવી નીતિને કારણે અમેરિકા ફર્સ્ટ નહીં પરંતુ અમેરિકા લાસ્ટ બની જશે તેવો માહોલ અત્યારે સર્જાયો છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાની સુપ્રીમ કોર્ટના આદેશોને પણ ગણકારતા નથી તે ગંભીર બાબત છે. અમેરિકાની પ્રજા આ પ્રમુખથી ગળે આવી ગઈ છે.

# કેરળના મધદરિયે સમુદ્રી જહાજમાં રહસ્યમય ધડાકો થતા ઇન્ડિયન નેવી એક્શન મોડમાં




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઇ**

ઓપરેશન સિંદૂર બાદ ભારત વિરુદ્ધ પાકિસ્તાન અને તેના મિત્ર દેશો ભારતને યુદ્ધનો વળતો પ્રહાર કરવા માટે તૈયારી કરતા હોય તો પણ ભારતના કિનારા નજીક જહાજ લાવી તેમાં વિસ્ફોટ કરાવી શકે છે. આ બાબતમાં ભારતીય નેવી તાત્કાલિક એક્શન મોડમાં આવે છે અને આ ઘટના અંગે તપાસ હાથ ધરે છે. સિંગાપોરના જહાજમાં થયેલા પ્રચંડ ધડાકામાં માનવામાં આવે છે કે આ ધડાકો આકસ્મિક હોઈ શકે આમ છતાં આ બાબતમાં કોઈપણ દેશની સરકાર સાવધાન રહે છે. સૌથી પહેલી પ્રાથમિકતા જે જહાજમાં ધડાકો થયો હોય તે જહાજના ક્રુ મેમ્બરને બચાવવાની કામગીરીને હોય છે. સમુદ્રી કાયદા મુજબ કોઈપણ દેશના જહાજના કર્મચારીને ડૂબતો બચાવી લેવાનો આંતરરાષ્ટ્રીય કાયદો છે. આથી જે જહાજમાં વિસ્ફોટ થયો છે તેના કર્મચારીને બચાવી લેવાયા છે પરંતુ જે ચાર કર્મચારી લાપતા છે તેની શોધખોળ ચાલુ છે. કેરળના કિનારા નજીકના સમુદ્રમાં સિંગાપુરથી ભારત આવી રહેલા જહાજમાં ભયાનક વિસ્ફોટ થતા ઈન્ડિયન નેવી એક્શન મોડમાં આવી છે. શ્રીલંકાના કોલંબોથી મુંબઈ આવવા નીકળેલા જહાજમાં કોઈ રહસ્યમય પ્રચંડ ધડાકો થતા જહાજમાં આગ લાગી હતી અને ધુમાડાથી આખું આકાશ છવાઈ ગયું હતું. આ જહાજમાં ૨૨ માંથી ૧૮ ખલાસીઓ દરિયામાં કૂદી પડ્યા હતા. જેને ઈન્ડિયન નેવીએ બચાવી લીધા છે. બાકીના ચાર ક્રુ મેમ્બર જહાજમાં હોવાની શક્યતા રહેલી છે કદાચ તેઓ દરિયામાં ગુમ થયા હોય તેવું બની શકે. આ લોકોને શોધી કાઢવા માટે ઈન્ડિયન નેવીએ તાત્કાલિક જહાજને રવાના કરીને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.

કેરળના દરિયા કિનારા પાસે સિંગાપોરના જહાજમાં વિસ્ફોટ થતા મુંબઈ મેરીટાઈમ ઓપરેશન્સ સેન્ટરે કોચીને આ અંગે જાણ કરી હતી. આ જહાજ ૭ જૂને કોલંબોથી રવાના થયું હતું અને ૧૦ જૂને મુંબઈ પહોંચવાનું હતું. ભારતીય નૌકાદળે તાત્કાલિક સહાય માટે INS સુરત મોકલ્યું હતું. ૨૨ ક્રૂ સભ્યોમાંથી ૧૮ જહાજ છોડી ગયા હતા અને તેમને બચાવવામાં આવ્યા હતા. કેરળના દરિયાકાંઠા નજીક સિંગાપોરના જહાજમાંથી જોરદાર વિસ્ફોટ થયાના સમાચાર બાબત સંરક્ષણ જનસંપર્ક અધિકારીએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે સવારે કેરળના દરિયાકાંઠે સિંગાપોર-ધ્વજવાળા કન્ટેનર જહાજ **MV Wan Hai** ૫૦૩ માં વિસ્ફોટ થવાની માહિતી મળી હતી. મુંબઈના મેરીટાઇમ ઓપરેશન્સ સેન્ટરે સવારે લગભગ ૧૦.૩૦ વાગ્યે કોચીમાં તેના સમકક્ષોને અંડરડેક વિસ્ફોટ વિશે જાણ કરી હતી. ૨૭૦ મીટર લાંબુ આ જહાજ, જેનો ડ્રાફ્ટ ૧૨.૫ મીટર હતો, ૭ જૂને કોલંબોથી નીકળ્યું અને મુંબઈ તરફ રવાના થયું હતું, જ્યાં તે ૧૦ જૂને પહોંચવાની ધારણા હતી. 'આઈએનએસ સુરતને ડાયવર્ટ કરવામાં આવ્યું.' લગભગ ૧૦:૩૦ વાગ્યે, **MOC (COC)** ને **MOC (MBI)** તરફથી **MV Wan Hai** ૫૦૩ પર અંડરડેક વિસ્ફોટના સમાચાર મળ્યા હતા. આ અંગે વાતચીતમાં, **PRO** એ કહ્યું, 'આ સિંગાપોર-ધ્વજવાળા કન્ટેનર જહાજ છે, જે ૨૭૦ મીટર લાંબુ છે અને તેનો ડ્રાફ્ટ ૧૨.૫ મીટર છે.' આ પછી, ભારતીય નૌકાદળે તાત્કાલિક કાર્યવાહી કરીને મદદ પૂરી પાડી અને કોચીમાં ડોક કરવાના નિર્ધારિત **INS** સુરતને મોકલ્યું. ભારતીય નૌકાદળે ૧૮ લોકોના જીવ બચાવ્યા હતા. '૧૮ ક્રૂએ જહાજ છોડી દીધું' પીઆરઓએ જણાવ્યું હતું કે પશ્ચિમી નૌકાદળ કમાન્ડે સવારે ૧૧ વાગ્યે જહાજને બીજી દિશામાં વાળ્યું હતું. પીઆરઓએ એક અપડેટમાં જણાવ્યું હતું કે, '૨૨ ક્રૂમાંથી ૧૮ ક્રૂ બોટ પર જહાજ છોડીને નીકળી ગયા છે.' ૧૮ સભ્યોએ દરિયામાં કૂદકો માર્યો હતો. **CG** અને **IN** એસેટ્સ દ્વારા ક્રૂને બચાવવામાં આવી રહ્યા છે. વહાણમાં અત્યારે આગ લાગી છે અને તે તરી રહ્યું છે.'' વિમાનની મદદથી બાકીના ચાર ખલાસીઓને શોધી કાઢવા માટે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા અને સહાયનું સંકલન કરવા માટે કોચીના નૌકાદળના એરબેઝ **INS** ગરુડથી નૌકાદળ ડોર્નિયર વિમાનની ઉડાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આજની તારીખ લાપતા ખલાસીઓને શોધી કાઢવા માટે વિમાન ચક્કર લગાવી રહ્યું છે. જે જહાજમાં ભયંકર વિસ્ફોટ થયો છે તે જહાજમાં વિસ્ફોટ શા કારણથી થયો છે તે જાણવા મળ્યું નથી. આ જહાજ કોલંબોથી મુંબઈ આવી રહ્યું હતું. તેમાં થયેલો વિસ્ફોટ એક ચિંતાનો વિષય બન્યો છે કારણ કે મુંબઈ પહોંચ્યા બાદ તેમાં વિસ્ફોટ થયો હોત તો મોટી નુકસાની આવી શકત. આ વિસ્ફોટ એકસીડન્ટલી થયો છે કે કોઈ આની પાછળ ષડયંત્ર છે તે અંગે પણ તપાસ હાથ ધરાય તેવી પૂરી શક્યતાઓ છે. જ્યારે કોઈ જહાજમાં વિસ્ફોટ થાય છે ત્યારે જહાજ દ્વારા એસ.ઓ.એસ.નો મેસેજ મોકલવામાં આવે છે જેથી નજીક રહેલા જહાજ દ્વારા મદદ પહોંચાડવામાં આવે છે. હાલ જીપીએસ સિસ્ટમથી જહાજનું લોકેશન તરત જ મળી જાય છે પરંતુ જે ખલાસીઓ દરિયામાં લાપતા બન્યા છે તેનું લોકેશન મળવું મુશ્કેલ છે. આ ખલાસીઓ પાસે જો લાઈફ બોટ હોય તો તેમાં એસ.ઓ.એસ. મોકલવાની વ્યવસ્થા હોય છે તો એને તાત્કાલિક બચાવી શકાય છે પરંતુ પ્રચંડ ધડાકો થયો હોય તે સમયે લાઈફ બોટ કદાચ દરિયામાં ઉતારી શકાય તેટલો સમય ન હોય તો જીવ બચાવવા માટે ખલાસીઓ દરિયામાં કૂદી પડે અને તેને બચાવવા મુશ્કેલ બને. આમ છતાં ભારતીય નેવી ખલાસીઓને બચાવવા માટે ઓપરેશન ચલાવી રહ્યું છે.

**આજે દુનિયાભરમાં આતંકવાદીઓ તેની પ્રવૃત્તિ વિસ્તૃત કરી રહ્યા છે તેવા સમયે કોઇ સમુદ્રી જહાજમાં ભયાનક વિસ્ફોટ થાય તો તે અતિ ગંભીર બાબત ગણી શકાય. આ ઘડાકો કોઇ ષડયંત્ર નહીં પરંતુ કોઇ આકસ્મિક કારણોસર થયો હોય તો પણ તેને ગંભીરતાથી લેવામાં આવે છે.**

## શબ્દ સંજોગ-૨૦૧૬



**આડી ચાવી :**
(૧) યોગ્ય, વાસણ (૨)
(૨) એક પ્રખ્યાત સખાવતી આરબ (૩)
(૪) માણસ (૨)
(૬) ગગન, નભ (૨)
(૭) જામફળ (૪)
(૯) એક ઝાડ કે એનું લાકડું (૩)
(૧૧) સાચે, ખચીત (૪)
(૧૨) પોતીકું, અંગત (૨)
(૧૪) મુખ્ય, શ્રેષ્ઠ (૩)
(૧૭) બુદ્ધિ (૨)
(૧૮) દશમી રાશિ (૩)
(૨૦) કેફની ખુમારી, ગર્વ (૨)
(૨૧) ખરચ, ઉધારેલી રકમ (૩)
(૨૨) જન્મ આપનારી મા (૩)
(૨૪) માતા (૨)
(૨૫) પરસ્ત્રી સાથે પ્રીતિ કરનાર (૨)
(૨૬) દેખાવ, વર્ણ (૩)
(૨૭) લોકોનો મત (૪)

**ઉભી ચાવી :**
(૧) દૂધમાં સાકરની જેમ ભળી ગયેલી પ્રજા (૩)
(૨) હિંમત (૨)
(૩) પેટે, સાટે (૩)
(૪) આવશ્યકતા, અગત્ય (૩)
(૫) હાથ-પગના આંગળાના ટેરવા પરનું હાડકું (૨)
(૬) આકાશ, નભ (૨)
(૮) ખમણ શબ્દ થયો (આ-અ) (૩)
(૧૦) એક તંતુવાદ્ય, સારંગી (૩)
(૧૧) ચામડીનો એક રોગ (૩)
(૧૩) અતિશય, ઘણું (૨)
(૧૪) લડાઈ કે લશ્કરની સામગ્રી (૪)
(૧૫) કાર્ય, કૃત્ય (આ-અ) (૩)
(૧૭) હાથીના ગંડસ્થળમાંથી ઝરતો રસ (૨)
(૧૯) રૂપાનું, ધોળાશ પડતું (૩)
(૨૦) માલ મિલકત, દોલત (૨)
(૨૩) પાછું (૩)
(૨૪) લંબાઈ, પહોળાઈ, વજન વગેરેનું પ્રમાણ (૨)
(૨૫) જામનગરના દરબારનો ઈલકાબ, પ્યાલો (૨)

## શબ્દ સંજોગ-૨૦૧૫ જવાબ

**આડી ચાવી:** (૧) જમાઈ (૩) બારસ (૬) વરૂણ (૮) જીવન (૧૦) બીક (૧૨) કૌવત (૧૩) રદિયો (૧૪) નખ (૧૬) સાજ (૧૭) શલ્ય (૧૮) સબબ (૨૦) રમણ (૨૨) ગજાનન (૨૪) લમમ(મલમ) (૨૫) વત (૨૭) માતમ (૨૯) મૂક (૩૦) સર્વ.
**ઉભી ચાવી:** (૧) જલેબી (૨) ઈવ (૩) બાણ (૪) સજીવ (૫) કાન (૭) રૂપિયો (૯) વતન (૧૧) કરજ (૧૨) કૌશલ્ય (૧૫) ખમણ (૧૬) સારંગ (૧૭) શબ (૧૮) સનત (૧૯) બન (૨૦) રમમાણ (૨૧) મમત (૨૩) જાવક (૨૬) ખર્વ (૨૮) મર્ત્ય.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૬૦૫ |
| ઘઉં લોકવન | ૪૯૬ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૪૪ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૮૪૦ |
| જુવાર લાલ | ૭૫૦ | ૯૧૦ |
| જુવાર પીળી | ૨૦૦ | ૪૭૦ |
| બાજરી | ૩૭૬ | ૪૮૪ |
| તુવેર | ૧૧૭૦ | ૧૨૯૧ |
| ચણા પીળા | ૯૯૧ | ૧૦૯૫ |
| ચણા સફેદ | ૧૩૨૫ | ૨૦૦૦ |
| અડદ | ૧૨૬૦ | ૧૪૧૫ |
| મગ | ૧૩૦૦ | ૧૫૬૮ |
| વાલ દેશી | ૫૧૧ | ૧૧૦૦ |
| ચોળી | ૧૨૦૦ | ૧૫૫૦ |
| વટાણા | ૧૧૦૦ | ૨૦૦૦ |
| કળથી | ૭૫૦ | ૮૫૦ |
| રાજમા | ૫૫૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૪૪૦ |
| મગફળી જાડી | ૯૭૦ | ૧૨૨૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૬૨૫ |
| તલી | ૧૪૫૦ | ૨૧૬૦ |
| સુરજમુખી | ૧૦૦૮ | ૧૦૦૮ |
| એરંડા | ૧૨૧૦ | ૧૨૮૧ |
| અજમો | ૮૪૦ | ૧૪૪૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૫૬૨ |
| સોયાબીન | ૭૪૦ | ૮૨૯ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૪૫ |
| કાળા તલ | ૨૩૮૦ | ૩૨૯૦ |
| લસણ | ૮૫૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૪૦૦ |
| મરચા સુકા | ૪૩૦ | ૧૩૦૦ |
| ધાણી | ૧૧૭૦ | ૧૪૪૦ |
| વરીયાળી | ૯૦૦ | ૧૩૮૩ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૨૮ |
| રાય | ૧૧૪૦ | ૧૩૯૦ |
| મેથી | ૮૨૫ | ૧૩૪૦ |
| ઇસબગુલ | ૧૨૨૦ | ૨૦૦૦ |
| કલોંજી | ૩૮૦૦ | ૪૧૩૪ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૭૦ |
| રજકાનું બી | ૪૩૦૦ | ૫૪૦૦ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૨૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૩૦૦ |
| તરબુચ | ૫૦ | ૧૬૦ |
| બટેટા | ૧૮૦ | ૩૮૦ |
| ડુંગળી સુકી | ૬૦ | ૩૩૦ |
| ટમેટા | ૩૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ચોળાસીંગ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૪૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૫૦ | ૬૩૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૧૫૦ | ૩૫૦ |
| મેથી | ૧૫૦૦ | ૨૪૦૦ |
| ડુંગળી લીલી | ૮૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| મકાઇ લીલી | ૩૦૦ | ૬૦૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૬૮ |
| શિંગ મોટી | ૭૮૫ | ૧૧૧૨ |
| શિંગ દાણા | ૧૧૦૦ | ૧૬૮૦ |
| શિંગ ફાડા | ૧૨૨૫ | ૧૪૯૨ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૩૨૫ |
| તલ કાળા | ૧૮૮૦ | ૩૩૫૫ |
| તલ કાશ્મીરી | ૧૫૪૦ | ૨૧૪૫ |
| બાજરો | ૩૫૦ | ૫૩૩ |
| જુવાર | ૩૩૮ | ૮૯૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૩૫ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૫૩૪ |
| મગ | ૧૦૫૦ | ૧૬૦૦ |
| અડદ | ૭૮૦ | ૧૫૦૧ |
| ચણા | ૭૪૫ | ૧૦૮૯ |
| ચણા દેશી | ૧૦૫૧ | ૧૧૭૨ |
| સફેદ ચણા | ૧૦૨૮ | ૧૦૭૩ |
| છોલે ચણા | ૧૩૧૯ | ૧૫૬૦ |
| ચોળી | ૬૪૦ | ૮૯૦ |
| તુવેર | ૬૦૦ | ૧૨૨૮ |
| કપાસ | ૭૭૭ | ૧૫૮૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૫૧ |
| જીરૂ | ૨૯૭૫ | ૩૭૫૦ |
| ઈસબગુલ | ૧૩૯૦ | ૧૩૯૦ |
| ધાણા | ૧૧૭૧ | ૧૨૭૦ |
| ધાણી | ૧૦૬૦ | ૧૩૫૫ |
| મેથી | ૭૦૦ | ૮૫૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૧ |
| રજકાનું બી | ૩૩૦૦ | ૫૪૦૦ |
| કાંગ | ૪૪૦ | ૫૪૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| રીંગણા | ૪૫૦ | ૬૫૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૬૦ | ૩૦૦ |
| શકકરીયા | ૫૦૦ | ૭૦૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૨૫૦ | ૧૩૯૦ |
| ગાજર | ૭૦૦ | ૮૦૦ |
| દુધી | ૨૭૦ | ૩૨૦ |
| કારેલા | ૬૦૦ | ૭૫૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ચોળા લીલાં | ૧૨૦૦ | ૧૬૦૦ |
| તુરીયા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કાચી કેરી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૫૦ |
| મેથીભાજી | ૧૮૫૦ | ૨૦૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૫૦ |
| સરગવો | ૯૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચાં લીલાં | ૪૫૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૨૪૦ |
| લીબું | ૬૫૦ | ૮૦૦ |
| પાલક | ૮૦૦ | ૯૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૦૧ | ૧૫૭૬ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૫૬ |
| મગફળી જીણી | ૮૫૧ | ૧૬૩૧ |
| સિંગદાણા જાડા | ૧૪૦૧ | ૧૮૯૧ |
| સિંગ ફાડીયા | ૯૪૧ | ૧૩૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૨૧ | ૧૩૦૧ |
| જીરૂ | ૨૫૫૧ | ૩૯૪૧ |
| ક્લંજી | ૧૨૦૦ | ૪૦૫૧ |
| વરીયાળી | ૮૫૧ | ૧૨૦૧ |
| ધાણા | ૮૫૧ | ૧૪૯૧ |
| મરચા સૂકા પટ્ટો | ૩૫૧ | ૧૩૫૧ |
| લસણ સુકું | ૫૯૧ | ૧૨૭૧ |
| ડુંગળી લાલ | ૯૬ | ૨૬૬ |
| અડદ | ૯૦૧ | ૧૫૦૧ |
| તુવેર | ૪૬૧ | ૧૨૮૧ |
| સુવાદાણા | ૧૦૦૧ | ૧૨૦૧ |
| કાંગ | ૩૦૧ | ૬૨૧ |
| મરચા | ૨૫૧ | ૨૧૦૧ |
| મગફળી જાડી | ૭૭૧ | ૧૪૬૧ |
| સફેદ ચણા | ૧૦૬૬ | ૨૦૪૧ |
| મગફળી નવી | ૮૭૫ | ૧૩૧૧ |
| ધાણી | ૯૫૧ | ૧૫૬૧ |
| ડુંગળી સફેદ | ૧૧૬ | ૨૨૬ |
| બાજરો | ૨૮૧ | ૪૫૧ |
| જુવાર | ૩૦૧ | ૮૧૧ |
| મકાઇ | ૪૧૧ | ૪૧૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૦૬ |
| વાલ | ૩૦૧ | ૮૦૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૧૪૮૧ |
| સોયાબીન | ૭૨૧ | ૮૫૧ |
| ગોગળી | ૭૮૧ | ૧૦૪૧ |
| વટાણા | ૩૦૧ | ૪૧૧ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૬૫ | ૧૪૬૫ |
| મગફળી | ૯૮૦ | ૧૦૨૫ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૦૫ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૮૬ |
| તુવેર | ૧૦૫૫ | ૧૩૦૦ |
| મગ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| તલ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| શીંગ ફાડા | ૧૧૭૫ | ૧૨૧૫ |
| સોયાબીન | ૭૩૦ | ૮૦૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૪૭૮ |
| મગફળી | ૮૮૫ | ૧૦૧૧ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૭૮૧ |
| તલ સફેદ | ૧૫૮૦ | ૧૫૮૦ |
| મગ | ૧૧૮૫ | ૧૩૭૧ |
| બાજરો | ૪૫૦ | ૪૭૮ |
| ધાણા | ૧૦૨૦ | ૧૦૨૦ |
| જીરૂ | ૩૮૩૦ | ૩૮૩૦ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૯૩ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૮૭ |
| ધાણા | ૧૦૧૦ | ૧૨૨૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| જુવાર | ૫૪૨ | ૫૪૨ |
| શીંગફાડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મગફળી | ૭૫૦ | ૮૫૫ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૭૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૦ |
| મકાઈ | ૩૨૨ | ૪૯૦ |
| મગ | ૯૬૫ | ૧૪૦૦ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| બાજરો | ૫૦૫ | ૫૦૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૦૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૫૦ | ૧૬૦૦ |
| કપાસ મીડીયમ | ૧૨૮૦ | ૧૪૨૦ |
| મગફળી | ૯૬૫ | ૧૦૯૫ |
| જીરૂ | ૨૮૪૫ | ૩૩૭૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| તલ સફેદ | ૧૫૮૫ | ૧૯૯૫ |
| તલ કાળા | ૨૪૭૦ | ૨૮૪૦ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૯૦ |
| મગ | ૧૨૩૫ | ૧૪૧૫ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૧૧ |
| શીંગ ઉનાળુ | ૧૦૧૦ | ૧૨૧૧ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૩૦૫ |
| તલ સફેદ | ૧૫૨૫ | ૨૦૫૦ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૧૩૫ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૬૩૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૪૦ |
| બાજરો | ૩૬૦ | ૬૬૨ |
| જુવાર | ૪૦૦ | ૮૦૦ |
| મગ | ૧૧૫૦ | ૧૫૧૫ |
| અડદ | ૯૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૦ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૯૮૦ | ૧૨૮૦ |
| એરડી | ૧૦૫૦ | ૧૨૪૧ |
| મેથી | ૭૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૮૫૦ | ૧૧૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૬૦ |
| અજમા | ૧૦૦૦ | ૧૩૦૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૭૦૦ | ૧૦૪૫ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૧૯૬૮ |
| તલ કાળા | ૨૩૮૦ | ૨૩૮૦ |
| તલ પીળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| બાજરો | ૩૫૧ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૬૦૦ |
| જુવાર | ૨૦૦ | ૮૬૦ |
| મકાઈ | ૫૦૦ | ૫૬૨ |
| મગ | ૧૨૪૪ | ૧૩૯૧ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૮૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૯૧ |
| સુવા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ધાણા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| મેથી | ૭૭૧ | ૭૭૧ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૦ |
| મગ | ૯૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૧ |
| તુવેર | ૯૦૦ | ૧૨૫૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૩૬ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૧૬ |
| તલ કાળા | ૧૫૦૦ | ૨૫૦૦ |
| ધાણા | ૯૦૦ | ૧૨૮૬ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૬ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૮૦ | ૧૨૦૦ |
| મગફળી ૩૨ નં. | ૯૬૦ | ૧૦૭૩ |
| મગફળી નવી | ૧૦૦૦ | ૧૦૬૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૮૦ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૬ |
| રાયડો | ૧૦૫૦ | ૧૦૮૮ |
| જુવાર | ૨૫૦ | ૮૩૮ |
| અડદ | ૧૦૮૦ | ૧૩૮૩ |
| મગ | ૯૨૦ | ૧૫૨૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૫૭ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૪ |
| સોયાબીન | ૭૫૦ | ૮૨૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૩૦ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૭૪૪ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૯ | ૯૩૦ | ૧૩૧૪ |
| શીંગ નવી | ૧૦૫૦ | ૧૨૪૩ |
| શીંગ ૩૯ | ૯૮૦ | ૧૦૫૪ |
| શીંગ જી-૨૦ | ૯૫૧ | ૧૦૬૬ |
| એરંડા | ૯૬૦ | ૧૨૫૩ |
| જુવાર | ૨૫૧ | ૭૯૯ |
| બાજરી | ૩૦૧ | ૬૦૩ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૬ |
| મકાઈ | ૩૫૧ | ૩૫૧ |
| અડદ | ૪૦૦ | ૧૩૮૫ |
| મગ | ૪૫૦ | ૧૪૦૪ |
| ધાણા | ૬૪૦ | ૧૦૧૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૬૨ |
| ચણા | ૮૧૭ | ૧૦૮૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૬૧ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૦૪૫ |
| તુવેર | ૭૦૦ | ૧૧૩૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૩૨૨ |
| ડુંગળી સફેદ | ૪૦ | ૩૦૦ |
| નાળીયેર | ૭૮૬ | ૩૨૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# જવાહર નવોદય વિદ્યાલય મોટા ભંડારિયા ખાતે ૨૦૨૬-૨૭ પ્રવેશ પરીક્ષા માટે ફોર્મ ભરવાનો પ્રારંભ : ૨૯ જુલાઈ છેલ્લી તારીખ

અમરેલી, તા.૧૧

જવાહર નવોદય વિદ્યાલય, મોટા ભંડારિયા - અમરેલીના આચાર્ય દ્વારા જારી કરાયેલી યાદી અનુસાર, શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭ માટેની નવોદય પ્રવેશ પરીક્ષા માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ધોરણ ૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ, શિક્ષકો અને પ્રાથમિક શાળાના આચાર્ય સહિત સંબંધિત તમામ લોકોને આ અંગે જાણ કરવામાં આવે છે. ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૯ જુલાઈ, ૨૦૨૫ રહેશે, જ્યારે પ્રવેશ પરીક્ષા ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ (શનિવાર) ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યોજાશે. રસ ધરાવતા વિદ્યાર્થીઓ https://cbseitms.rcil.gov.in/nvs/Index/Registration લિંક પર જઈને ફોર્મ ભરી શકે છે. પ્રવેશ સમયે કોઈનું ફોર્મ નિરસ્ત ન થાય તે માટે કેટલીક મહત્વપૂર્ણ બાબતોનો ખ્યાલ રાખવો જરૂરી છે. વિદ્યાર્થીની જન્મ તારીખ ૦૧/૦૫/૨૦૧૪ થી ૩૦/૦૭/૨૦૧૬ (બંને તારીખ સહિત) હોવી જોઈએ. વિદ્યાર્થી જે જિલ્લામાં ફોર્મ ભરવા માગતા હોય, તે જ જિલ્લામાં ધોરણ ૫માં સત્ર ૨૦૨૫-૨૬માં અભ્યાસ કરતા હોવા જોઈએ અને તેમના વાલીઓનો રહેઠાણ પુરાવો પણ તે જ જિલ્લાનો હોવો જોઈએ. એકવાર પરીક્ષા આપી ચૂકેલા વિદ્યાર્થીઓ ફરી ફોર્મ ભરી શકતા નથી. જે વિદ્યાર્થીઓ ગ્રામીણ ક્ષેત્રનો લાભ લેવા માગે છે, તેમણે ધોરણ ૩, ૪ અને ૫ સળંગ ગ્રામીણ ક્ષેત્રમાં અભ્યાસ કરેલો હોવો જોઈએ; જો એક દિવસ પણ શહેરી ક્ષેત્રમાં અભ્યાસ કર્યો હોય, તો ફોર્મ ભરતી વખતે ×શહેરી× દર્શાવવું ફરજિયાત છે. જવાહર નવોદય વિદ્યાલય સંપૂર્ણ આવાસીય વિદ્યાલય છે, જ્યાં વિદ્યાર્થીઓએ વિદ્યાલય કેમ્પસમાં રહીને ધોરણ ૬ થી ૧૨ સુધીનો CBSE કોર્સનો અભ્યાસ કરવાનો રહેશે.

# ધોરાજી નગરપાલિકા વોર્ડ નંબર ૬ માં નિયમિત સફાઈ કામગીરી કરવા લતાવાસીઓની માગણી

ધોરાજી, તા.૧૧



ધોરાજી નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર ૬ ના જુદા જુદા વિસ્તારોમાં નિયમિત સફાઈ અને કચરો ઉપડતો ન હોવાથી સ્થાનિક લતાવાસીઓએ આ વિસ્તારમાં નિયમિત સફાઈ હાથ ધરવામાં આવે તેવી માગણી વ્યક્ત કરી છે. ધોરાજી વોર્ડ નંબર ૬ ના રહીશ અલ્તાફભાઈ ખલીફાએ જણાવ્યું હતું કે, વોર્ડ નંબર ૬ વિસ્તારમાં ઉપલેટા રોડ, નડિયા કોલોની, રાધા નગર, રસુલપરા અને ગેબનશા બાવા દરગાહ પાસેના વિસ્તારમાં ઘણા સમયથી સફાઈ પરત્વે પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. આ વિસ્તારોમાં કચરાના ઢગલા અને ગંદકી પથરાયેલી પડી છે. તેમણે જણાવ્યું હતું કે, આ વિસ્તારોમાં નગરપાલિકા દ્વારા નિયમિત સફાઈનું કામ કરવામાં આવે તેમજ કચરાના ઢગલા નિયમિત રૂપે ઉપાડી લેવામાં આવે તે પ્રકારની આ વિસ્તારના લોકોની સાર્વત્રિક માગણી ઉઠી રહી છે. ધોરાજી નગરપાલિકા દ્વારા સફાઈ પરત્વે નિયમિત કામગીરી થાય તે પ્રકારની નગરજનો નગરપાલિકા પાસે આશા સેવી રહ્યા છે.

# સાવરકુંડલામાં કબીર ટેકરી આશ્રમ ખાતે કબીર સાહેબની ૬૨૭મી જન્મ જયંતીની ઉજવણી


સાવરકુંડઢલા, તા.૧૧



સાવરકુંડલા શહેરમાં આવેલ કબીર ટેકરી આશ્રમ ખાતે બુધવાર, ૧૧ જૂન, જેઠ સુદ પૂનમના રોજ, સદગુરુ કબીર સાહેબની ૬૨૭મી જન્મ જયંતી ખૂબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં, પૂર્ણ ભાવ અને શ્રદ્ધા સાથે ઉજવવામાં આવી હતી. કાર્યક્રમની રૂપરેખા મુજબ ધ્વજારોહણ, મહાઆરતી અને સત્સંગનું આયોજન થયું હતું, જેમાં કબીર સાહેબના જીવન સંદેશનો ગુણાનુવાદ કરવામાં આવ્યો હતો. સાંજે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના નિમંત્રક મહંત નારાયણ સાહેબ, કબીર ટેકરી, સાવરકુંડલા રહ્યા હતા. આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના-કોડીનાર હાઈવે પરથી ૨૮ દબાણો હટાવાયા: હાઈવે નિર્માણ કાર્ય અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરાશે

ઉના, તા.૧૧



ગીર સોમનાથ જિલ્લામાં ઉના-કોડીનાર હાઈવે પરના નિર્માણ કાર્યને વેગ આપવા અને માર્ગ સલામતી સુધારવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયની સૂચના અને માર્ગદર્શન હેઠળ, હાઈવે પરના ૨૦ સ્થાયી અને ૮ અસ્થાયી કબજા દૂર કરવામાં આવ્યા છે. આ દબાણો દૂર કરીને રાષ્ટ્રીય હાઈવે રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI) ને કબજો સોંપવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી આ સરાહનીય કામગીરીને કારણે જિલ્લામાંથી પસાર થતા હાઈવેના નિર્માણની કામગીરી હવે વધુ ઝડપી બનશે. આ ઉપરાંત, હાઈવે પર વધુ જગ્યા ઉપલબ્ધ થતાં ટ્રાફિક વ્યવસ્થા સુધરશે અને માર્ગ અકસ્માતની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થશે તેવી અપેક્ષા છે, જે મુસાફરો માટે વધુ સુરક્ષિત પ્રવાસ સુનિશ્ચિત કરશે.

# લાઠી શહેરમાં જાહેરમાં જુગાર રમતા ૭ પત્તાપ્રેમીઓ પોલીસની ઝપટે ચડ્યા



અમરેલી, તા.૧૧

લાઠી પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમિયાન જુગાર રમતા ૭ પત્તાપ્રેમીઓને ઝડપી પાડ્યા છે. લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આલમગીરી હોટલ પાસે જાહેરમાં જુગાર રમતા હોવાની પોલીસને ખાનગી રહે બાતમી મળેલ હતી. પોલીસે રેડ દરમિયાન ૭ જુગારીઓને રૂ.૧૧,૪૫૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા અને આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ હતી.

# ધોરાજીના બાદલાશાહ કોલોનીમાં રોડ-રસ્તા અને પાણીની સમસ્યાથી ત્રસ્ત સ્થાનિકોનું વિરોધ પ્રદર્શન

ધોરાજી,તા.૧૧


તસવીર : નયન ફુહાડીયા

રાજકોટ જિલ્લાના ધોરાજી નગરપાલિકા વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર એક અને કુંભારવાડા નજીકની બાદલાશાહ કોલોનીના રહેવાસીઓએ રોડ-રસ્તા અને પીવાના પાણીની ગંભીર સમસ્યાઓ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. છેલ્લા ઘણા વર્ષોથી આ વિસ્તારમાં રોડ-રસ્તાની કોઈ કામગીરી કરવામાં આવી નથી, અને ખાડા ખોદવામાં આવ્યા બાદ પીવાના પાણીની સમસ્યા પણ વકરી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, નગરપાલિકામાં અનેક વખત રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘણા ઘરોમાં પાણી વિતરણ થતું હોવા છતાં નળમાં પાણી આવતું ન હોવાથી મહિલાઓમાં પણ આક્રોશ વ્યાપ્યો છે. આ ઉપરાંત, વિસ્તારમાં ખાડા-ટેકરા અને ગંદકીને કારણે ધાર્મિક સ્થળોએ દર્શન કરવા જવામાં પણ મુશ્કેલી પડી રહી છે, જેનાથી લોકોની ધાર્મિક લાગણીઓ દુભાઈ રહી છે. આ વિસ્તારના લોકોએ એકઠા થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું અને પોતાને પડતી મુશ્કેલીઓને કારણે રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે નગરપાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક રોડ-રસ્તા અને પાણીની સમસ્યા દૂર કરવામાં આવે તેવી સખ્ત માંગ કરી હતી.

# રૂ.૭૫ હજારની લાંચ લેતા અમદાવાદ કલેક્ટર કચેરીના કોમ્પ્યુટર ઓપરેટર સહિત પાંચ ઝડપાયા

અમદાવાદ,તા.૧૧



વારસદાર માટેના દસ્તાવેજ કરવા માટે એક વ્યક્તિ પાસેથી રૂ,૭૫,૦૦૦ ની લાંચ લેનારા બે એડવોકેટ સહિત પાંચ જણાની એસીબીએ ધરપકડ કરી છે. જ્યારે એક આરોપી ફરાર થઈ જતા તેની શોધ ચાલી રહી છે. આ કેસની વિગત મુજબ ફરિયાદીના એક ભાઈનું અવસાન થતા અને મરણજનાર પોતે અપરિણીત હોવાથી તેઓના સીધી લીટીના વારસદાર તરીકે કોઈ હક્કદાર ન હતા. ફરિયાદીના અન્ય ભાઈ-બહેનોના નામો હક્કદાર તરીકે દાખલ થયેલા હતા. જેને પગલે ફરિયાદીએ પોતાની તરફેણમાં હક્ક રીલીઝ કરવા માટે દસ્તાવેજ કરાવવા માટે એડવોકેટ રાજેશ ઉર્ફે રાજાભાઈ પ્રજાપતિનો સંપર્ક કરી આ કામગીરી સોંપી હતી. જેથી તેઓએ આ કામ કરવાના બદલામાં રૂ. ૧૪,૮૫૦/- ફી નક્કી કરી ગૂગલ પે મારફત મેળવી લીધા હતા. તેમજ નિયમોનુસાર દસ્તાવેજ અંગે ભરવાની ફી પણ લીધી હતી.

# સુરતમાં ભંડેરી પરિવારનું સ્નેહમિલન અને BPPL પ્રીમિયર લીગનું ભવ્ય આયોજન

સુરત,તા.૧૧




સુરતમાં તા. ૭-૮ જૂનના રોજ સમસ્ત ભંડેરી પરિવાર દ્વારા સ્નેહમિલન સમારોહ અને BPPL ભંડેરી પરિવાર પ્રીમિયર લીગનું ભવ્ય આયોજન કરાયું હતું. જેમાં કુલ પાંચ ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચમાં ભારે રસાકસી બાદ સરદાર ૧૧નો વિજય થયો હતો. આ તકે સમસ્ત ભંડેરી પરિવારના પ્રમુખ સંજયભાઈ છગનભાઈ ભંડેરી-વેળાવદર (હાલ-અમદાવાદ), પ્રફુલભાઈ ભંડેરી, મનદીપભાઈ ભંડેરી-ઈસ્કોન ગાંઠિયા અમદાવાદ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહેલ. સમગ્ર આયોજન બદલ આયોજકો સ્નેહમિલન કમિટી લક્કી ભંડેરી-ચૌત્રા, પ્રકાશ ભંડેરી-વિભાપર, દિનેશ ભંડેરી-વિભાપર, વ્રજતુલ ભંડેરી-ગરમલી અને ટુર્નામેન્ટના આયોજકો હિરેન ભંડેરી ધુતારપૂર (વાયડો ગ્રુપ) અને હિરેન ભંડેરી-લુવારીયાને તમામ વડીલોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# ભાવનગરમાં ૧૨થી ૧૪ જૂન સુધી સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી વીજ કાપ રહેશે

ભાવનગર,તા.૧૧

પીજીવીસીએલ ભાવનગર શહેર વિભાગ-૨ વિભાગ કચેરી દ્વારા ડિવિઝન કચેરી હેઠળના વિવિધ વિસ્તારોમાં વીજ લાઈન પર મહત્વપૂર્ણ કામકાજને કારણે આવતીકાલ ૧૨ જૂન-૨૦૨૫ થી ૧૪ જૂન-૨૦૨૫ સુધી ત્રણ દિવસ માટે સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી વીજ કાપની જાહેરાત કરવામાં આવી છે. ગુરુવાર ૧૨ જૂનના રોજ, સિદસર રોડ પર તુલસી પાર્ક-૨, વાણંદ સોસાયટી, જગદીશ્વર પાર્ક, લક્ષ્મીનગર, ચંદ્રપ્રકાશ, રામેશ્વર સોસાયટી, મોહનનગર, નંદવિલા બંગલો, રેખા સોસાયટી, ચૈતન્ય વિલા, કામિનીનગર, તળાજા રોડ પર જલારામ સોસાયટી, નવા અને જૂના શિવનગર, શ્રીનાથજી ૧-૨-૩, લક્ષ્મીનગર (મંગલમ હોલ), પ્રયોગા રેસીડેન્સી, ચિત્રકૂટનગર, આસ્થા હોમ, મંગલમ હોલ, સીતારામનગર, અક્ષરપાર્ક, ધર્મલોક, અનંત ફ્લેટ વગેરે વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ રહેશે.

# બોટાદમાં ફાર્મ હાઉસમાં જુગાર રમતા ૧૦ આરોપી ૭.૪૯ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા


ભાવનગર,તા.૧૧



બોટાદમાં ફાર્મ હાઉસમાં જુગાર રમતા ૧૦ શખ્સોની સ્ટેટ મોનીટરિંગ સેલે ધરપકડ કરી હતી. તેમની પાસેથી પોલીસે ૭.૪૯ લખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવની વિગત મુજબ એસએમસીના અધિકારીઓને માહિતી મળી હતી કે બોટાદનાં રાણપુર તાલુકાના ખાસ ખાતે રણજીતસિંહ પી.ચાવડાના ફાર્મ હાઉસમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે જુગાર રમતા ૧૦ શખ્સોને ઝડપી લીધા હતા. જ્યારે ચાર આરોપી ફરાર થઈ જતા તેમની શોધ હાથ ધરી છે. પોલીસે ધરપકડ કરેલા આરોપીઓ પાસેથી રૂ.૪૯,૨૦૦ રોકડા, ૧૧ મોબાઈલ અને પાંચ વાહનો મળીને કુલ રૂ. ૭,૪૯,૭૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસની વધુ તપાસ રાણપુર પોલીસ સ્ટેશન કરે છે.

# મુખ્યમંત્રીની હાજરીમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે બારડોલીમાં ખેડૂત સંમેલન યોજાશે

ગાંધીનગર,તા.૧૧



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુરૂવાર, તા ૧૨મી જૂને સરદાર સાહેબની કર્મભૂમિ બારડોલીમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી વર્ષના ઉપલક્ષ્યમાં યોજાનાર ખેડૂત સંમેલનની અધ્યક્ષતા કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સરદાર સાહેબની ૧૫૦મી જન્મ જયંતીનું આ વર્ષ દેશભરમાં 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના સાકાર કરતા કાર્યક્રમોથી ઉજવાઈ રહ્યું છે. એટલું જ નહીં, વડાપ્રધાને વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન તા. ૨૯મી મે થી ૧૨ જૂન સુધી દેશના રાજ્યોમાં યોજીને ખેડૂત અને ખેતીને આત્મનિર્ભર બનાવવાનો પણ માર્ગ ચીંધ્યો છે. આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો શિવરાજસિંહ ચૌહાણે ૨૯ મે એ ઓરિસ્સાથી રાષ્ટ્રીય પ્રારંભ કરાવ્યો હતો તેનું સમાપન હવે કેન્દ્રીય કૃષિ મંત્રીની ઉપસ્થિતિમાં ગુરુવાર તા. ૧૨મી જૂને સરદાર સાહેબની કર્મભૂમિ બારડોલીમાં ખેડૂત સંમેલન સાથે થવાનું છે. વડાપ્રધાને આત્મનિર્ભર ખેડૂત-આત્મનિર્ભર ખેતીના આપેલા ધ્યેયને સિદ્ધ કરીને કૃષિ ટેકનોલોજી ગામડે ગામડે પહોંચાડવા અને ખેડૂતોને માઈક્રો ન્યુટ્રીયન્ટના યોગ્ય ઉપયોગ સહિતની ટેકનોલોજી વિશે માહિતગાર કરવા યોજવામાં આવેલા આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનમાં ગુજરાતના ૩૧ જિલ્લાઓના ૨૨૫૦ ગ્રામ્ય ક્લસ્ટર દ્વારા ચાર લાખથી વધુ ખેડૂતોને આવરી લેવાયા છે.

# કોડીનારમાં લાડી લોહાણા સિંધી સમાજ દ્વારા રાહત દરે નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો

**વિદ્યાર્થીને ૬૦% રાહત દરે સાત નોટબુક આપવામાં આવી**

ઉના, તા.૧૧



કોડીનાર શહેરમાં લાડી લોહાણા સિંધી સમાજ દ્વારા વિદ્યાર્થીઓને ભણતર પ્રત્યે પ્રોત્સાહિત કરવા રાહત દરે નોટબુક વિતરણનો એક અનોખો કાર્યક્રમ યોજાયો હતો. આ પહેલનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ ભણીગણીને કુટુંબ, સમાજ અને દેશનું નામ રોશન કરે તેવો હતો. કાર્યક્રમ અંતર્ગત, દરેક વિદ્યાર્થીને ૬૦% રાહત દરે સાત નોટબુક આપવામાં આવી હતી. આ પ્રસંગે લાડી લોહાણા સિંધી સમાજના પ્રમુખ ગુરુભાઈ વાધવાણી, ઉપ-પ્રમુખ સાજનભાઈ ટેવાણી, અને સેક્રેટરી લાલચંદભાઈ રામચંદાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જુલેલાલ નવયુવક મંડળ અને મહિલા મંડળના આયોજકોને આવા કાર્યો ચાલુ રાખવા પ્રોત્સાહિત કર્યા હતા અને ભવિષ્યમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે વધુ વિશેષ કાર્યક્રમોની અપેક્ષા રાખી હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓએ પણ આ કાર્યને બિરદાવ્યું હતું.

# ભારત સાથેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે પાકિસ્તાને સંરક્ષણ બજેટમાં ૨૦% વધારો કર્યો

(એચ.એસ.એલ),ઈસ્લામાબાદ,તા.૧૧



ભારત સાથેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે પાકિસ્તાને તેના સંરક્ષણ બજેટમાં ૨૦% વધારો કર્યો છે. નોંધનીય છે કે ભારત દ્વારા શરૂ કરાયેલ ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન ગુસ્સે છે. આવી સ્થિતિમાં, તેના સંરક્ષણ બજેટમાં વધારો દર્શાવે છે કે તે ભારતની તાકાતને સારી રીતે જાણી ગયું છે અને હવે તેને લાગે છે કે તેને ભારત સામે ટકી રહેવા માટે સંરક્ષણ બજેટ વધારવાની જરૂર છે.

પાકિસ્તાને તેના સંરક્ષણ બજેટમાં ૨૦ ટકાનો વધારો કર્યો અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૨,૫૫૦ અબજ પાકિસ્તાની રૂપિયા (૯ અબજ યુએસ ડોલર) ફાળવ્યા છે. નાણામંત્રી મુહમ્મદ ઔરંગઝેબે રાષ્ટ્રીય સભામાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે પીકેઆર ૧૭,૫૭૩ અબજનું ફેડરલ બજેટ રજૂ કર્યું હતું. તેમણે રાષ્ટ્રીય સભામાં નાણાં બિલના રૂપમાં બજેટ દસ્તાવેજ પણ રજૂ કર્યો હતો. તેમના ભાષણમાં, મંત્રીએ કહ્યું કે સરકારે દેશના સંરક્ષણ માટે ૨,૫૫૦ અબજ રૂપિયા ફાળવવાનો નિર્ણય લીધો છે.

તેમણે સંરક્ષણ ખર્ચ વિશે વધુ કોઈ વિગતો આપી ન હતી કારણ કે પરંપરાગત રીતે સંસદમાં સંરક્ષણ બજેટની ચર્ચા થતી નથી. ગયા વર્ષે, સરકારે સંરક્ષણ માટે ૨,૧૨૨ અબજ રૂપિયા ફાળવ્યા હતા, જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ફાળવાયેલા ૧,૮૦૪ અબજ રૂપિયાથી ૧૪.૯૮ ટકાનો વધારો દર્શાવે છે.

# અમેરિકામાં આઈસીઈ સમક્ષ હાજર થયેલા બે ગુજરાતીઓની ધરપકડ કરાઈ

અમદાવાદ,તા.૧૧

અમેરિકામાં રહેતા અને આઈસીઈ કોર્ટ સમક્ષ હાજર થવા ગયેલા બે ગુજરાતીઓની કથિત ધરપકડ અમેરિકામાં રહેતા ગુજરાતીઓમાં ચર્ચાનો વિષય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિકાગોમાં રહેતા એક ગુજરાતીની આઈસીઈ ઓફિસમાં લગભગ પાંચ દિવસ પહેલા ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે બીજો કેસ કેન્ટુકીનો છે, જેમાં તેને લગભગ દસથી પંદર દિવસ પહેલા આઈસીઈ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. જો આઈસીઈ દ્વારા ધરપકડ કરાયેલા લોકોએ ગંભીર ગુનો ન કર્યો હોય, તો તેમના નામ અને રાષ્ટ્રીયતા જાહેર કરવામાં આવતા નથી. આ બે ગુજરાતીઓના કિસ્સામાં પણ, એજન્સીએ તેમની ધરપકડની કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. શિકાગોમાં ગુજરાતીની ધરપકડની પુષ્ટિ કરતા કહેવામાં




આવ્યું હતું કે આ વ્યક્તિ ઘણા વર્ષોથી આ વ્યવસાયમાં હતો. અમેરિકામાં રહેતો હતો અને ગયા અઠવાડિયે તેને આઈસીઈ તરફથી સંદેશ મોકલવામાં આવ્યો હતો જેમાં તેને હાજર થવાનું કહેવામાં આવ્યું હતું. આ ઘટનાથી વાકેફ એક ગુજરાતીએ એવો પણ દાવો કર્યો હતો કે ધરપકડ કરાયેલ વ્યક્તિએ યુ વિઝા માટે પણ અરજી કરી હતી. આઈસીઈ તરફથી સંદેશ મળ્યા પછી, આ ગુજરાતી તેના એક પરિચિત, જે એક અમેરિકન નાગરિક છે, સાથે એજન્સીમાં ગયો હતો. ઓફિસમાં હાજર થયો, પરંતુ તે જ સમયે તેને ધરપકડ વિશે પણ જાણ કરવામાં આવી હતી.

# ભારતીય સેના ૨૬મા કારગિલ વિજય દિવસ પર 'ઓપરેશન વિજય'ના નાયકોનું સન્માન કરશે


નવીદિલ્હી,તા.૧૧

ભારતીય સેના ૨૬મા કારગિલ વિજય દિવસની ઉજવણી માટે સ્મૃતિ અને સન્માન સમારોહની શ્રેણીની યાદગાર શરૂઆત કરવા માટે તૈયાર છે. આ બધા કાર્યક્રમો ૨૬ જુલાઈ ૨૦૨૫ સુધી ચાલુ રહેશે, જેમાં ઓપરેશન વિજયના નાયકોનું સન્માન કરાશે. જેનો હેતુ રાષ્ટ્રની સરહદોનું રક્ષણ કરનારા નાયકોની અદમ્ય ભાવના, બલિદાન અને હિંમતનું સન્માન કરવાનો છે. દર વર્ષે ૨૬ જુલાઈના રોજ, ભારત કારગિલ વિજય દિવસ ઉજવે છે - આ દિવસ બધા દેશવાસીઓના હૃદયમાં ગર્વ અને શ્રદ્ધાંજલિની ભાવના સાથે અંકિત છે. આ તે દિવસ છે જ્યારે ભારતે ૧૯૯૯ માં 'ઓપરેશન વિજય' હેઠળ પાકિસ્તાની ઘૂસણખોરોને ભાગી જવા માટે મજબૂર કર્યા પછી દેશની વ્યૂહાત્મક ઊંચાઈઓ પાછી મેળવી હતી. કારગિલ યુદ્ધનો વિજય રાજકીય, લશ્કરી અને રાજદ્વારી સ્તરે ભારતની મજબૂત ઈચ્છાશક્તિનું પ્રતીક છે.

# અમરનાથ ગુફામાં પ્રથમ પૂજા કરાઈ : જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ લીધી મુલાકાત

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૧૧

૩ જુલાઈથી શરૂ થતી અમરનાથ યાત્રા પહેલા બુધવારે પવિત્ર ગુફામાં પ્રથમ પૂજા કરવામાં આવી હતી. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ પ્રથમ અમરનાથ ગુફાની મુલાકાત લીધી અને વિધિપૂર્વક પૂજા કરી હતી. આ વર્ષની અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ રહી છે. પરંતુ પરંપરા મુજબ, યાત્રા શરૂ થાય તે



પહેલાં અમરનાથ ગુફામાં એક ખાસ પૂજા કરવામાં આવી હતી. આ પૂજામાં જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા અને અમરનાથ શ્રાઈન બોર્ડના તમામ ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. તમામ લોકોના સારા સ્વાસ્થ્ય, પ્રગતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ યાત્રાળુઓને તમામ સુવિધાઓ પૂરી પાડવા પર ભાર મૂકતા શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડ અને સંબંધિત વિભાગના અધિકારીઓને નિર્દેશ આપ્યો કે યાત્રાળુઓને વધુ સારી સુવિધાઓ, માળખાગત સુવિધાઓ અને સુરક્ષા પૂરી પાડવામાં કોઈ ઢીલ ન રાખવી જોઈએ. પહેલી પૂજા પછી, એલજીએ કહ્યું કે હું બાબા બર્ફાનીના તમામ ભક્તોને વિનંતી કરું છું કે તેઓ પવિત્ર યાત્રા માટે મોટી સંખ્યામાં આવે અને જમ્મુ અને કાશ્મીર અને દેશની પ્રગતિ માટે મહાદેવને પ્રાર્થના કરે.

# જો અપહરણ પછી હત્યા થાય તો પોલીસ અધિકારીની જવાબદારી પણ નક્કી થવી જોઈએ : હાઈકોર્ટ

(એચ.એસ.એલ),અલહાબાદ,તા.૧૧

અલહાબાદ હાઈકોર્ટે કહ્યું કે, અપહરણના કેસોમાં પોલીસ અધિકારીઓની જવાબદારી નક્કી ન થવાને કારણે, તેઓ ઉદાસીન અને નિષ્ક્રિય રહે છે. આવી સ્થિતિમાં, અપહરણ કરાયેલ વ્યક્તિ સમયસર મળી આવતી નથી અને તેની હત્યા કરવામાં આવે છે. પ્રથમ દ્રષ્ટિએ, આવા કિસ્સામાં, જ્યાં એફઆઈઆર નોંધાઈ હોય તે પોલીસ સ્ટેશન વિસ્તારના પોલીસ અધિકારીને પણ જવાબદાર ઠેરવવા જોઈએ. કોર્ટે આ ટિપ્પણી કરી છે અને વારાણસીના




પોલીસ કમિશનર પાસેથી વ્યક્તિગત સોગંદનામું માંગ્યું છે. અપહરણ કરાયેલ વ્યક્તિ હજુ સુધી કેમ મળી શકી નથી તે સમજાવવા માટે પૂછવામાં આવ્યું છે. નિતેશ કુમારની અરજી પર જસ્ટિસ જેજે મુનીર અને જસ્ટિસ અનિલ કુમારની ડિવિઝન બેન્ચે આ આદેશ આપ્યો છે.

# ઈવેન્ટના નામે ગુજરાત- હરિયાણા અને દિલ્હીથી યુવતીઓ બોલાવી કરાવાતા દેહ વ્યાપારના મોટા રેકેટનો પર્દાફાશ

(એચ.એસ.એલ),ઉદયપુર,તા.૧૧

ઉદયપુરમાં દેહ વ્યાપારના એક મોટા રેકેટનો પર્દાફાશ થયો છે. સુખેર પોલીસ સ્ટેશને સ્વર્ણગઢ રિસોર્ટમાં મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં પોલીસે આ કેસમાં ૨૯ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર રિસોર્ટ સંચાલક હર્ષવર્ધન શાહ અને તેની સહયોગી નરગીસ ઉદયપુરની બહારથી છોકરીઓને બોલાવીને




પૈસાના બદલામાં અનૈતિક પ્રવૃત્તિઓ કરાવતા હતા. માહિતી મળતાં પોલીસે ૧૫ યુવકો અને ૧૪ યુવતીઓની ધરપકડ કરી છે. પર્યટન માટે પ્રખ્યાત ઉદયપુર શહેરમાં અનૈતિક પ્રવૃત્તિઓ સામે પોલીસ અધિક્ષક યોગેશ ગોયલના નિર્દેશનમાં ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ અંતર્ગત પોલીસે એક નકલી ગ્રાહકને સ્થળ પર મોકલ્યો અને માહિતીની પુષ્ટિ કરી હતી. માહિતી સાચી હોવાનું જાણવા મળતાં પોલીસે રિસોર્ટ સંચાલક સામે કાર્યવાહી કરી હતી.

શહેરના એએસપી ઉમેશ ઓઝાના નિર્દેશનમાં, નાયબ પોલીસ અધિક્ષક કૈલાશ ચંદ્ર અને સુખેર પોલીસ સ્ટેશન અધિકારી રવિન્દ્ર ચરણની ટીમે કાર્યવાહી કરી હતી.

# હરિયાણાના ફરીદાબાદમાં પિતાએ ૪ પુત્રો સાથે ટ્રેન આગળ કૂદી કરી આત્મહત્યા

ફરીદાબાદ,તા.૧૧

હરિયાણાના ફરીદાબાદમાં એક વ્યક્તિએ ચાર બાળકો સાથે ટ્રેન આગળ કૂદીને આત્મહત્યા કરી છે. આત્મહત્યા કરતા પહેલા, તેણે બાળકોને ઠંડા પીણા અને ચિપ્સ પણ આપ્યા હતા. જ્યારે ટ્રેન આવી, ત્યારે બાળકોએ ભાગવાનો પ્રયાસ કર્યો પરંતુ તે વ્યક્તિએ તેમને પોતાના હાથમાં પકડી રાખ્યા અને એકસાથે ટ્રેન આગળ કૂદી પડ્યા. આ ઘટના




બાદ સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. આખો મામલો બલ્લભગઢ વિસ્તારનો હોવાનું કહેવાય છે. બિહારના રહેવાસી ૪૫ વર્ષીય મનોજ મહતોનો તેની પત્ની પ્રિયા સાથે કોઈ વાતને લઈને ઝઘડો થઈ રહ્યો હતો. મંગળવારે સવારે બંને વચ્ચે ઝઘડો થયો, જેના પછી મહતોએ કહ્યું કે તે બાળકોને પાર્કમાં લઈ જઈ રહ્યો છે અને ઘરેથી નીકળી ગયો હતો. પોલીસે જણાવ્યું કે મહતો સ્ટેશનથી લગભગ એક કિલોમીટર પહેલા રલવે ટ્રેક પર ચાલતો જોવા મળ્યો હતો. લોકો પાઈલટે દૂરથી ઘણી વાર હોર્ન વગાડ્યું, પરંતુ મહતો પાટા પરથી ખસ્યો નહીં. ટ્રેન નજીક આવતાની સાથે જ તે તેના ચાર બાળકો પવન (૧૦), કારુ (૯), મુરલી (૫) અને છોટુ (૩) સાથે ટ્રેનની સામે કૂદી પડ્યો હતો. આ ઘટના બપોરે લગભગ ૧૨:૫૫ વાગ્યે બની હતી. માહિતી મળ્યા બાદ, પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહોને પાટા પરથી હટાવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા હતા.

# જયપુરમાં ટ્રક-કાર વચ્ચે અકસ્માત: લગનના થોડા કલાકો પછી કન્યા અને વરરાજાના મોત

(એચ.એસ.એલ),જયપુર,તા.૧૧

રાજસ્થાનના જયપુર ગ્રામીણ વિસ્તારમાં વહેલી સવારે એક મોટી દુર્ઘટના બની છે. દૌસા-મનોહરપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧૪૮ પર રાયસર પોલીસ સ્ટેશન વિસ્તારના ભટકાબંસ ગામ પાસે એક દુઃખદ અકસ્માત થયો છે. લગ્ન પછી પરત ફરી રહેલા વરરાજાની




કાર અને એક કન્ટેનર સામસામે અથડાઈ ગયા. આ અકસ્માતમાં કારમાં સવાર વરરાજા સહિત ૫ લોકોના મોત થયા છે અને ૬-૭ જેટલા લોકો ઘાયલ થયા છે. અકસ્માતના સમાચારથી મૃતકોના પરિવારોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

અકસ્માત બાદ હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. રાયસર પોલીસ સ્ટેશન પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તા પરથી હટાવીને ટ્રાફિક પૂર્વવત કર્યો હતો.

# દિલ્હીમાં ભૂમિહીન કેમ્પ વિસ્તારમાં ૩૦૦ ઝૂંપડાઓ પર બુલડોઝર ચલાવાયું

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હીમાં કાલકાજીના ભૂમિહીન કેમ્પ વિસ્તારમાં ગેરકાયદેસર અતિક્રમણ સામે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. દિલ્હી વિકાસ સત્તામંડળ દ્વારા ગેરકાયદેસર ઈમારત તોડી પાડવામાં આવી હતી. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા હતી. અગાઉ, ડીડીએએ ભૂમિહીન શિબિરના તમામ રહેવાસીઓને એક સત્તાવાર નોટિસ જારી કરી હતી, જેમાં હાઈકોર્ટના નિર્દેશો પછી ગેરકાયદેસર ઝૂંપડા તોડી પાડવાને ધ્યાનમાં રાખીને તેમને તેમના મકાનો ખાલી કરવા સૂચના આપવામાં આવી હતી. આ ગેરકાયદેસર બાંધકામ ડીડીએની જમીન પર કરવામાં આવ્યું હતું. બુધવારે લગભગ ૩૦૦ ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા. જ્યારે બાકીના પર બુલડોઝર કાર્યવાહી આજે પણ ચાલુ રહેશે.

# સીતામઢીમાં મા સીતાનું ભવ્ય મંદિર બનાવવામાં આવશે: બિહાર સરકારે ૧૨ એકર જમીન આપી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૧

નવી દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે રામાયણ સંશોધન પરિષદની દેખરેખ હેઠળ માતા સીતાજીના પ્રગટ સ્થાન સીતામઢીમાં ભવ્ય મંદિરના નિર્માણ માટે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન, પત્રકાર પરિષદમાં જણાવવામાં આવ્યું હતું કે સીતામઢીમાં મા સીતાજી માટે એક



મોટું મંદિર બનાવવાની યોજના છે. બિહાર સરકારે આ કાર્ય માટે કાઉન્સિલને ૧૨ એકર જમીન આપી છે. કાઉન્સિલના સ્વામી જ્ઞાનાનંદજી મહારાજે સરકારનો આભાર માન્યો છે. મંદિરના સ્થાન અંગે, સ્વામી જ્ઞાનાનંદે કહ્યું કે જ્યાં માતા સીતાજી પ્રગટ થયા હતા અને જ્યાં મંદિર બનવાનું છે તે સ્થાન અલગ છે. આ સ્થળનું નામ શ્રી રામ જાનકી સ્થાન છે, જે ખૂબ જ જૂનું અને પવિત્ર મઠ છે. પરિષદ લાંબા સમયથી તેને સુધારવા અને મંદિર બનાવવાનો પ્રયાસ કરી રહી હતી.

# કેન્દ્ર સરકારે ૬,૪૦૫ કરોડ રૂપિયાના બે રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી

નવીદિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ મંગળવારે રેલવે મંત્રાલયના બે મહત્વપૂર્ણ ડબલિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ્સ પર કુલ ૬,૪૦૫ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. આનાથી માત્ર રેલવેની કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો થશે નહીં, પરંતુ માલ અને મુસાફરોના પરિવહનની ક્ષમતામાં પણ વધારો થશે.



પહેલો પ્રોજેક્ટ ઝારખંડના કોડરમાથી બરકાકાના વચ્ચે ૧૩૩ કિમી લાંબી રેલવે લાઈનના ડબલિંગ સાથે સંબંધિત છે. આ વિભાગ રાજ્યના મુખ્ય કોલસા ઉત્પાદક વિસ્તારોમાંથી પસાર થાય છે અને પટના અને રાંચી વચ્ચે સૌથી ટૂંકી અને વધુ કાર્યક્ષમ રેલ કનેક્ટિવિટી પૂરી પાડે છે. આ માર્ગને માલવાહક અને પેસેન્જર ટ્રેનો બંને માટે વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે બીજો પ્રોજેક્ટ કર્ણાટકના બેલ્લારીથી ચિકજાજુર વચ્ચેના ૧૮૫ કિમી લાંબી રેલવે લાઈનનું ડબલિંગ છે. આ રેલવે લાઈન કર્ણાટકના બેલ્લારી અને ચિત્રદુર્ગ જિલ્લાઓ તેમજ આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લામાંથી પસાર થાય છે. આ વિસ્તારો ખનિજ સંસાધનોથી સમૃદ્ધ છે, જેના કારણે આ માર્ગ ઔદ્યોગિક દૃષ્ટિકોણથી ખૂબ જ ઉપયોગી માનવામાં આવે છે. તેમાં ૧૯ સ્ટેશન, ૨૯ મોટા પુલ અને ૨૩૦ નાના પુલ હશે. ૪૭૦ ગામડાઓ અને ૧૩ લાખ લોકોને કનેક્ટિવિટી મળશે.

# સાઉથ આફ્રિકા અને ઓસી. વચ્ચે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ શરૂ : વિજેતા પર પૈસાનો વરસાદ થશે

નવીદિલ્હી,તા.૧૧

લોડસ ખાતે રમાઈ રહેલી સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પ્રથમ દિવસે ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પહેલા બેટિંગ પસંદ કરી હતી જેમાં ઓસ્ટ્રેલિયા ૨૧૨ રન બનાવી પ્રથમ ઈનિંગમાં ઓલ આઉટ થઈ ગયું હતું. કગીંસો રબાડાએ ૫૧ રન આપી પાંચ વિકેટ લીધી હતી. જવાબમાં સાઉથ આફ્રિકાએ પણ નબળી




શરૂઆત કરી હતી અને ૧૯ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. જૂનથી લોર્ડ્સના મેદાન પર રમાનારી આ ફાઈનલ માટે ઈનામી રકમ આઈસીસી દ્વારા મે મહિનામાં જાહેર કરવામાં આવી હતી. વિજેતા ટીમ માટે આઈસીસી દ્વારા નક્કી કરાયેલી રકમ પાછલી આવૃત્તિ કરતા બમણી છે. આ વખતે વિજેતા ટીમને બમ્પર મની મળશે અને આઈપીએલ વિજેતા કરતા વધુ રકમ મળશે. આ વર્ષે વિજેતા ટીમને ૩.૬ મિલિયન યુએસ ડોલર એટલે કે ૩૦.૮૧ કરોડ રૂપિયા મળશે. જ્યારે ફાઈનલમાં હારનારી ટીમને રૂ. ૧૭.૯૬ કરોડ મળશે. જ્યારે ઓસ્ટ્રેલિયા ૨૦૨૩ માં ફાઈનલ જીત્યું હતું, ત્યારે તેમને ૧.૬ મિલિયન ડોલર એટલે કે ૧૩.૬૯ કરોડ રૂપિયા મળ્યા હતા. ફાઈનલમાં હારનારી ટીમ એટલે કે રનર અપને ૨.૧ મિલિયન યુએસ ડોલર (રૂ. ૧૭.૯૬ કરોડ) મળશે, જે છેલ્લા બે વખતની જીતની રકમ કરતા વધુ છે. તે જ સમયે, છેલ્લી બે આવૃત્તિઓના રનર અપને ૮૦૦,૦૦૦ યુએસ ડોલર એટલે કે ૬.૮૪ કરોડ રૂપિયા મળ્યા હતા.

# અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની જળયાત્રાનો પ્રારંભ : મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો

અમદાવાદ,તા.૧૧



ભગવાન જગન્નાથજીની ઐતિહાસિક રથયાત્રાની ઉજવણી પહેલા કાઢવામાં આવતી ખૂબ જ મહત્વપૂર્ણ જળયાત્રાનો પ્રારંભ થઈ ગયો છે. ભગવાન જગન્નાથજીના મંદિરથી જ શોભાયાત્રા શરૂ થઈ હતી. હાથીઓ અને વિવિધ ભજન મંડળીઓ સહિત મોટી સંખ્યામાં ભક્તોએ તેમાં ભાગ લીધો હતો. પૂર્ણિમાના દિવસે ભગવાન તેમના પૂર્વજોના સ્થળ સરસપુર ગયા છે. સાબરમતી નદીમાં ૬૦૦ ધ્વજ સાથે ગંગા પૂજા કરવામાં આવશે. ૧૦૮ કળશમાં પાણી ભરીને મંદિરમાં લાવવામાં આવશે અને મહાજલાભિષેક કરવામાં આવશે. ૧૪ હાથીઓની સાથે, ૧૦૮ પરંપરાગત કળશ અને ૧૦૦૮ મહિલાઓએ જલયાત્રામાં ભાગ લીધો હતો. ભગવાન જગન્નાથની જળયાત્રામાં ૧૦ થી વધુ ભજન મંડળીઓએ ભાગ લીધો હતો. ઉપરાંત, ૫૦૧ લોકોએ વિવિધ રંગોના ધ્વજ અને બેનરો સાથે ભાગ લીધો હતો. ભગવાન જગન્નાથજી માટે ચાંદીના લાકડી, છત્રી અને છત્રીઓ સાથે ૧૦ ગાડીઓમાં ૫૧ લોકો પ્રસાદ લાવ્યા. ભગવાન જગન્નાથજી ગણેશના રૂપમાં પ્રગટ થયા છે. બુધવારે ભગવાન સરસપુરમાં તેમના મામાના ઘરે ગયા છે. સરસપુર ગયા પછી, ભગવાન ૧૫ દિવસ સુધી જમાલપુર મંદિરમાં રહેશે.

# અમદાવાદમાં સાબરમતીના કિનારે સીએમ ભૂપેન્દ્ર પટેલે યોગ શિબિરનો પ્રારંભ કરાવ્યો

અમદાવાદ,તા.૧૧



અમદાવાદમાં સાબરમતીના તીરે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ શિબિરમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ હાજર રહ્યા હતા અને તેમણે યોગ કર્યો હતો. સીએમ ભૂપેન્દ્ર પટેલની સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. આમ સીએમ ભૂપેન્દ્ર પટેલે કોમન યોગ તાલીમ શિબિરનો પ્રારંભ કરાવ્યો હતો. સાબરમતી રિવરફ્રન્ટ પર અંદાજે ૧૪ હજાર લોકો હાજર રહ્યા હતા. આમ ૧૪ હજાર લોકોએ શિબિરમાં યોગ કર્યો હતો. સીએમ ભૂપેન્દ્ર પટેલે આ દરમિયાન યોગનું મહત્વ સમજાવ્યું હતું અને જણાવ્યું હતું કે, ×યોગ ભગાવે રોગ. યોગ કરો અને સ્વસ્થ રહો. આબાલવૃદ્ધ બધા લોકો યોગ કરીને સ્વસ્થ રહી શકે છે.× સીએમ ભૂપેન્દ્ર પટેલે પોતે પણ યોગ કર્યા હતા અને તેમણે જણાવ્યું હતું કે, ×યોગ ફક્ત શારીરિક વ્યાયામ જ નથી. તે શરીરના ઉર્જાચક્રોને સક્રિય કરે છે. તેના કારણે માનવીના શરીરના કોષોમાં રહેલ ઉર્જા શક્તિ સક્રિય થાય છે. આમ યોગ શરીરમાં પ્રાણનો સંચાર કરે છે, તેના કારણે લોકોને થાક લાગતો નથી.×

# ઉનાળાના વેકેશન દરમિયાન ૧૫ લાખથી વધુ ભક્તોએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા

સોમનાથ,તા.૧૧



ગુજરાતના પ્રખ્યાત યાત્રાધામ સોમનાથ મહાદેવ મંદિર સંકુલમાં ૨૦૨૫ ના ઉનાળાના વેકેશન દરમિયાન ભક્તો અને પ્રવાસીઓની અભૂતપૂર્વ ભીડ જોવા મળી હતી. છેલ્લા બે મહિનામાં એટલે કે એપ્રિલ અને મે મહિનામાં, કુલ ૧૫,૨૯,૦૦૦ થી વધુ ભક્તોને સોમનાથ મહાદેવના દર્શન કરવાનો લહાવો મળ્યો. રજાઓના છેલ્લા શનિવાર અને રવિવારે, લોકોએ સોમનાથના વાતાવરણનો ભરપૂર આનંદ માણ્યો. માહિતી અનુસાર, ૧ મે થી ૩૧ મે દરમિયાન, ૮,૧૫,૦૦૦ ભક્તોએ મુલાકાત લીધી હતી, જ્યારે એપ્રિલ મહિનામાં, ૭,૧૪,૦૦૦ ભક્તોએ ભગવાન ભોલેનાથના ચરણોમાં માથું નમાવ્યું હતું.

# જૂનાગઢમાં કેશોદ પાસે ટ્રકે ટુ-વ્હીલને અડફેટે લેતા બાઈકચાલકનું મોત નિપજ્યું

જૂનાગઢ,તા.૧૧



જૂનાગઢમાં કેશોદના અગતરાય પાસે અકસ્માત સર્જાયો હતો. ટ્રકે ટુ-વ્હીલને અડફેટે લેતા ટુ-વ્હીલચાલકનું મોત થયું હતું અને એક ઈજા પામ્યો છે. જૂનાગઢથી ટુ-વ્હીલ પર દંપતી કેશોદ આવતું હતું. બેફામ ચાલતા ટ્રકે બાઈકચાલકનો જીવ લીધો હતો. અકસ્માત સર્જાતા જ ટ્રકચાલક અને ક્લીનર ટ્રક મૂકીને ભાગી ગયા હતા. ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકઠા થયા હતા. તેના કારણે થોડા સમય માટે ટ્રાફિક જામ થઈ ગયો હતો. સ્થાનિકોએ તરત જ ૧૦૮ને જાણ કરતા જ તે તરત દોડી આવી હતી. ૧૦૮ના સ્ટાફે ઘટનાસ્થળે મૃતકને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તે નિષ્ફળ રહ્યા હતા. જો કે ઈજાગ્રસ્ત મહિલાને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે. બનાવના પગલે તરત જ કેશોદની પોલીસ દોડી આવી હતી. તેણે ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો અને પંચનામુ કરીને તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. અકસ્માતના પગલે મૃતકના કુટુંબીજનોમાં આક્રોશ છે.

# જાણીતા કથાકાર મોરારીબાપુના ધર્મપત્ની નર્મદાબેનનું નિધન

ભાવનગર,તા.૧૧



ગુજરાતના જાણીતા કથાકાર મોરારીબાપુના ધર્મપત્નીનું નિધન થયું છે. પ્રખર રામાયણ કથાકાર પૂજ્ય મોરારીબાપુના પત્ની નર્મદા બાનું ૭૯ વર્ષની વયે નિધન થયું છે. મોરારીબાપુના લગ્ન વણોટ ગામે નર્મદા બા સાથે થયા હતા. નર્મદા બા અને મોરારીબાપુને ચાર સંતાન છે. તેમાં ત્રણ દીકરી અને એક દીકરો છે. સવારે નવ વાગે તલગાજરડા મુકામે આવેલા નિવાસસ્થાને તેમની સમાધિ રાખવામાં આવી છે. તલગાજરડાના ગ્રામજનોએ આ દિવસે ધંધો રોજગાર સ્વયંભૂ બંધ રાખી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલે પણ તેમને શ્રદ્ધાંજલિ પાઠવી છે. તેમની સાથે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી અને કેબિનેટના અન્ય સભ્યો તથા ગુજરાતના બધા ધારાસભ્યોએ પણ તેમને શોકાંજલિ પાઠવી છે.

# રાજ્યમાં ફરી માથુ ઉંચકતો કોરોના, કેસની સંખ્યા ૧૨૨૭ સુધી પહોંચી

અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં કોરોના રોગ ફરી માથું ઉંચકી રહ્યો છે. કોરોનાના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. જોકે, સરકારનો દાવો છે કે હાલનો કોરોના સામાન્ય પ્રકારનો છે. સરકારે લોકોને ગભરાવાની નહીં પણ સાવધાની રાખવાની અપીલ કરી છે. આરોગ્ય નિષ્ણાતોનું કહેવું છે કે રાજ્યમાં જો કોરોનાની વૃદ્ધિનો વર્તમાન દર જારી રહ્યો તો મહિનાના અંત સુધીમાં કોરોનાના કેસનો આંકડો ત્રણ હજાર સુધી પહોંચી શકે છે. રાજ્યમાં ૧૮મે સુધી કોરોનાનો એકપણ કેસ ન હતો. તેના પછી ૧૯મી મેના રોજ પહેલો કેસ નોંધાયા પછી હજી મહિનો પણ થયો નથી અને કોરોનાના કેસની સંખ્યાએ ૧૦૦૦નો આંકડો વટાવી દીધો છે તે જોતાં આગામી દિવસોમાં તેની વૃદ્ધિમાં ઉછાળો નોંધાય તો આશ્ચર્ય નહીં થાય. કોરોનાની લહેર આવે ત્યારે આવું જ થતું હોય છે. જો કે કોવિડ-૧૯ સૂચનાઓનું પાલન કરનારાઓને વાંધો નહીં આવે. સરકારના આરોગ્ય વિભાગના સત્તાવાર આંકડા મુજબ, ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યમાં કોરોનાના ૨૨૩ નવા કેસ નોંધાયા છે. કુલ સંખ્યા ૧૨૨૭ થઈ ગઈ છે.